નો ફેવર, નો ફિઅર...

# સામના મિરર

RNI title code no. GUJGUJ18053 RNI Reg. No. GUJGUJ/2023/85765

માલિક/એડિટર : રાજેશ ઉદયકુમાર બગડાઈ I Date :28 JANUARY 2025 I TUESDAY I Page :8 I Year : 2 I Issue :252 I Price: 2/-




આજે ઈન્ડિયા V/S ઈંગ્લેન્ડ T20 ક્રિકેટ મેચના પગલે ખાસ સુરક્ષા વ્યવસ્થા

જુઓ પેજ નં.૪

# ઉતરાખંડમાં સમાન નાગરીક ધારો લાગુ

## કાશ્મીરમાંથી કલમ ૩૭૦ ની નાબુદી, અયોધ્યામાં રામમંદિર બાદ વધુ એક એજન્ડા લાગુઃ ઐતિહાસીક કદમ : ગુજરાતમાં પણ વર્ષનાં અંતે કોમન સિવીલ કોડ લાગુ કરવા દેવાશે : મોદીના અભિનંદન

દહેરાદુન,તા.૨૭

દેશભરમાં આગામી દિવસોમાં સમાન નાગરીક ધારો 'કોમન વિવિધ કોડ' લાગુ કરવાની મહત્વની કામગીરીમાં આજે ઉતરાખંડમાં આ નવો ધારો લાગુ થઈ ગયો છે. બંધારણમાં પણ સમગ્ર દેશમાં કોમન સીવીલ કોડ લાગુ કરવાનો માર્ગદર્શક સિદ્ધાંત છે અને આઝાદીનાં ૭૫ વર્ષ બાદ તે એક નાના રાજયથી લાગુ થઈ રહ્યો છે.

ઉતરાખંડ વિધાનસભામાં આ અંગેનો ખરડો મંજુર કર્યા બાદ રાષ્ટ્રપતિએ તેને બહાલ રાખતા આજથી તે રાજયમાં લાગુ થઈ ગયો છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આ અંગેના એક પોર્ટલનો



પ્રારંભ કર્યો હતો.

આવતીકાલે જ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દહેરાદુન આવી રહ્યા છે તે પૂર્વ આ ધારો લાગુ કરી દેવાયો તે સૂચક છે. આ નવા ધારાના અમલથી હવે મુસ્લીમ પર્સનલ લો-સહીતનાં અલગ અલગ ધર્મનાં કાનુનોનાં સ્થાને હવે એક જ કાનુન હેઠળ તમામ




ધર્મો આવી જશે.

દેશમાં આ કાનુન લાગુ કરવામાં ઉતરાખંડ પ્રથમ રાજય બન્યુ છે. અગાઉ આ કાનુન લાગુ કરવા માટેની મોકડ્રીલ પણ કરવામાં આવી હતી અને બાદમાં તેઓ જે મુદાઓ ઉપસ્થિત થયા તેનું નિરાકરણ કરાયું છે.

ઉતરાખંડ હવે આગામી દિવસોમાં ગુજરાતમાં પણ કોમન વિવિધ કોડ લાગુ થશે તેવા સંકેત છે. રાજય સરકારે આ માટેની પ્રાથમીક તૈયારીઓ કરી લીધી છે અને આ વર્ષમાં તે લાગુ થવાની શકયતા છે.

**દેશભરમાં તબકકાવાર અમલ થશે**

ભાજપે પણ તેના પ્રારંભીક ચૂંટણી ઢંઢેરામાં કોમન વિવિધ કોડ લાગુ કરવાની ખાતરી રાષ્ટ્રીય કક્ષાએ આવી હતી તેના અમલનો પ્રારંભ થયો છે. અગાઉ અયોધ્યા રામમંદિરનો મુદ્દો ભાજપે સફળ બનાવ્યો છે અને કાશ્મીરમાં કલમ ૩૭૦ ની નાબુદી પણ નિશ્ચિત કરી છે.આજે ઉતરાખંડમાં આ નવો ધારો લાગુ થઈ ગયો છે. બંધારણમાં પણ સમગ્ર દેશમાં કોમન સીવીલ કોડ લાગુ કરવાનો માર્ગદર્શક સિદ્ધાંત છે અને આઝાદીનાં ૭૫ વર્ષ બાદ તે એક નાના રાજયથી લાગુ થઈ રહ્યો છે.

# કુંભ માટે બેફામ ભાડા વસુલતી એરલાઈન્સ સામે આકરા પગલાની તૈયારી




## સરકારે તમામ એરલાઈન્સની બેઠકો બોલાવી : ભાડા નિયંત્રણ આવશે

નવી દિલ્હી, તા.૨૭

ઉત્તર પ્રદેશમાં ચાલી રહેલા કુંભમેળામાં જવા ઈચ્છતા શ્રદ્ધાળુઓ પાસેથી ઉંચા વિમાની ભાડા વસુલવા મુદ્દે દેશભરમાંથી ફરિયાદો આવતા આજે નાગરિક ઉડ્ડયન મંત્રાલય દ્વારા તમામ એરલાઈનની એક તાકિદની બેઠક બોલાવાઈ છે અને તેમાં વ્યાજબી ભાડુ જ વસુલવા તાકિદ કરવામાં આવશે.અમદાવાદથી કુંભ જવા માટેનું ભાડુ રૂા.૪૦ હજાર જેટલું ભાડુ ચૂકવવામાં આવે છે. જ્યારે સામાન્ય રીતે આ ફ્લાઈટ રૂા.૩ થી ૪ હજારના ભાડામાં મુસાફરોને લઈ જવાય છે. આવી જ રીતે દિલ્હીથી રૂા.૪૭૫૦૦ અને બેંગ્લોરથી રૂા.૫૧૦૦૦ જેટલી રકમ વસુલાય છે.પ્રયાગરાજ જતી તમામ ફ્લાઈટો હાલ આ પ્રમાણે ઉંચા ભાડા વસૂલી રહી છે અને સરકારે તેમાં હવે આકરા પગલા લેવાની તૈયારી છે.



## તંત્રી લેખ
–રાજેશ યુ. બગડાઈ

# હિમાલયના પેટાળમાં વધી રહેલી ઉર્જા એશિયામાં તબાહી ફેલાવશે



ઉત્તર ભારતમાં છેલ્લા કેટલાક સમયથી ભૂકંપના ઝાટકા આવવાનું પ્રમાણ વધી ગયું છે. ખાસ કરીને દિલ્હી - એનસીઆરમાં ભૂકંપના આંચકા વધુ આવી રહ્યા છે. આ મુદ્દે ઘણાં સંશોધન થઈ રહ્યા છે. તેના પરથી સ્પષ્ટ થયું છે કે હિમાચલ ક્ષેત્રમાં થઈ રહેલી ટેક્ટોનિક પ્લેટની ઉથલપાથલ આ ભૂકંપો માટે જવાબદાર છે. ભારતના વિવિધ વિસ્તારોને ભૂકંપના સંદર્ભમાં સંવેદનશીલ ઝોનમાં વહેંચવામાં આવેલા છે. તેમાં દિલ્હી, એનસીઆર અને તેની આસપાસના વિસ્તારો ઝોન-૪માં આવે છે. તે ખાસ્સા સંવેદનશીલ વિસ્તાર ગણાય. તેની નીચેની ટેક્ટોનિક પ્લેટ્સ પણ હલી રહી છે અને તેના ખસવાના કારણે જ ભૂકંપના નાના-મોટા આંચકા અનુભવાઈ રહ્યા છે. તેનું ઉદાહરણ જોઈએ તો થોડા દિવસ પહેલાં જ ઉત્તર ભારત ઉપરાંત નેપાળ, ચીન, તિબેટ, ભૂતાન અને બાંગ્લાદેશમાં એક સાથે ભૂકંપના આંચકા અનુભવાયા હતા. તેનું કેન્દ્ર તિબેટ હતું, જ્યાં ભૂકંપની તીવ્રતા ૭.૧ની તીવ્રતા માપવામાં આવી હતી. અહીં ૧૨૫થી વધુ લોકોના જીવન ગયા હતા અને મોટાપાયે ખાનાખરાબી થઈ હતી.

જાણકારોના મતે હિમાલય ક્ષેત્ર અને હિંદુકુશ પર્વતમાળા એવાં ક્ષેત્રો છે જ્યાં ભૂકંપના આંચકા સૌથી વધારે આવે છે. સંશોધકો માને છે કે, ભારતની જમીન સતત ચીન તરફ સરકી રહી છે. તેના કારણે વારંવાર ભૂકંપ આવે છે. ઈન્ડિયન ટેક્ટોનિક પ્લેટ્સ ધીમે ધીમે ખસીને યુરેશિયન પ્લેટ્સ અને તિબેટિયન પ્લેટ્સ સાથે ટકરાઈ રહી છે. તેના કારણે જ ભારત અને તેના પાડોશી દેશોમાં વારંવાર આંચકા અનુભવાય છે. ભારતનાં પૂર્વોત્તર રાજ્યો અને હિમાલયન ક્ષેત્રો અને રાજ્યોમાં પણ ભૂકંપ આવવા ખૂબ જ સામાન્ય થઈ રહ્યું છે. સંશોધકોના મતે ઈન્ડિયન ટેક્ટોનિક પ્લેટ્સ અને યુરેશિયન ટેક્ટોનિક પ્લેટ્સ વચ્ચે સતત અથડામણ થઈ રહી છે. તેનું પ્રમાણ વધશે તો આ ક્ષેત્રમાં ભવિષ્યમાં મોટાપાયે ભૂકંપો આવશે અને તેની તીવ્રતા પણ ઘણી હશે, જે ભયાનક ખાનાખરાબી સર્જી શકે છે. સિસ્મોલિજિકલ વિભાગના જાણકારોના મતે ઈન્ડિયન પ્લેટ ગતિ કરીને યુરેશિયન પ્લેટની નીચે જઈ રહી છે. તેના કારણે યુરેશિયન પ્લેટ ઉપર આવી રહી છે. તેનાથી ઈન્ડિયન પ્લેટ તૂટી રહી છે અને હિમાલય પર્વતમાળા ઊંચી આવી રહી છે. આ ફેરફારના કારણે જ હિમાલય વિસ્તારમાં ભૂકંપ આવવાની ઘટનાઓમાં એકાએક વધારો થઈ ગયો છે. સંશોધકોના મતે ઈન્ડિયન પ્લેટના ક્રસ્ટમાં મોટી તિરાડો પડી રહી છે. આ તિરાડો સામાન્ય નહીં પણ ૧૦૦થી ૨૦૦ કિમી જેટલી લાંબી છે. આ તિરાડો એટલી મોટી થઈ રહી છે કે, ભવિષ્યમાં તિબેટના ભાગલા પણ કરી શકે છે. આ સિવાય ભારત, નેપાળ, ભૂતાન અને ચીનમાં પણ મોટું નુકસાન થઈ શકે છે.

ભૂવૈજ્ઞાનિકોના જણાવ્યા પ્રમાણે દિલ્હી-એનસીઆર અત્યંત સેન્સિટિવ ઝોનમાં આવે છે. ભૂકંપની સંવેદનશીલતા અને મોટી તીવ્રતાના ભૂકંપની આશંકાના આધારે જે ઝોન નક્કી કરાયા છે તેમાં ચોથા ઝોનમાં દિલ્હી-એનસીઆર આવે છે. આમ જોવા જઈએ તો દેશના પાંચ ઝોનમાં ચોથા અને પાંચમા ઝોનમાં જોખમ વધારે છે. દેશના પાંચમાં ઝોનમાં દેશના કુલ જમીન વિસ્તારનો ૧૧ ટકા ભાગ આવે છે. તેવી જ રીતે ચોથા ઝોનમાં કુલ જમીનનો ૧૮ ટકા અને ત્રીજા તથા બીજા ઝોનમાં કુલ ૩૦ ટકા વિસ્તાર આવે છે. અહીં આગામી સમયમાં ૮ની તીવ્રતા સુધીનો ભૂકંપ આવવાની શક્યતાઓ દેખાઈ રહી છે. ખરેખર જો આટલી તીવ્રતાનો ભૂકંપ આવ્યો તો મોટા પાયે ખાનાખરાબી સર્જાશે. તેનાથી પણ સૌથી ખતરનાક ઝોન-પાંચમાં હિમાલય ક્ષેત્રમાં આવતી કાશ્મીર ખીણ, હિમાચલ પ્રદેશનો પશ્ચિમી ભાગ, ઉત્તરાખંડનો પૂર્વ ભાગ, ગુજરાતનું કચ્છનું રણ, ઉત્તરી બિહાર, ભારતનાં પૂર્વોત્તર રાજ્યો, આંદામાન-નિકોબાર દ્વીપસમૂહોનો સમાવેશ થાય છે.

# ભારતીયો અને ખાલિસ્તાની સમર્થકો લંડનમાં પોલીસની હાજરીમાં સામસામે આવતા હોબાળો

### ખાલિસ્તાનીઓએ રાષ્ટ્રધ્વજનું અપમાન કર્યુ : જો કે ભારતીય સમુદાયના લોકોએ પ્રજાસત્તાક દિન ઉજવી સજ્જડ જવાબ આપ્યો

લંડન(બ્રિટન), તા.૨૭

પ્રજાસત્તાક દિવસના અવસરે બ્રિટનની રાજધાની લંડનમાં ભારે હોબાળો થયો હતો. અહેવાલ અનુસાર અહીં પ્રજાસત્તાક દિવસ નિમિત્તે આયોજિત સમારોહ વિરુદ્ધ સૂત્રોચ્ચાર કરતા ખાલિસ્તાન સમર્થકો દેખાવ કરવા લાગ્યા હતા જેના પગલે ભારતીય સમુદાયના લોકોએ તેમને સજ્જડ જવાબ આપ્યો હતો.

ખાસ વાત એ છે કે, કેનેડામાંથી પણ આવી જ તસવીરો સામે આવી ચૂકી છે. બ્રિટનમાં ઘણી જગ્યાએ ખાલિસ્તાન સમર્થકોએ બોલિવૂડ ફિલ્મ ઈમરજન્સીને લઈને પણ થિયેટરોમાં હોબાળો મચાવ્યો હતો.


ભારતીય સમુદાયના એક વ્યક્તિએ કહ્યું, 'અમે ૭૬મા પ્રજાસત્તાક દિવસની ઉજવણી માટે અહીં હાઈ કમિશન ખાતે ભેગા થયા હતા. ત્યારે અમને જાણકારી મળી કે ખાલિસ્તાનીઓ કાર્યક્રમ સ્થળની બહાર ભેગા થયા છે અને દેખાવ કરી રહ્યા છે. ત્યારે અમે પણ એકજૂટ થયા અને તેમના દેખાવોનો જવાબ આપ્યો.

બીજા એક ભારતીય વ્યક્તિએ કહ્યું, 'અમે ૭૬મા પ્રજાસત્તાક દિવસ નિમિત્તે ભારતીય હાઈકમિશનમાં ધ્વજવંદન કાર્યક્રમ માટે એકઠા થયા હતા. ત્યારે ખાલિસ્તાનીઓ બહાર આવીને દેખાવો કરવા લાગ્યા. અમે તેમને રાષ્ટ્રધ્વજનું અપમાન કરતા જોયા. હું તેમને કહેવા માંગુ છું કે તેમના આવા કૃત્યોથી ભારત દેશને ભારતીયોને કોઈને કોઈ ફરક પડતો નથી.

ભલે અમે લંડનમાં લઘુમતીમાં હોઈએ પણ અમારી હિંમત અને જુસ્સો તેમના કરતા વધારે છે અમે છેલ્લા શ્વાસ સુધી લડીશું...'વીડિયોમાં જોઈ શકાય છે કે બંને પક્ષો એકબીજા વિરુદ્ધ સૂત્રોચ્ચાર કરી રહ્યા છે. તે જ સમયે, પરિસ્થિતિને સંભાળવા માટે પોલીસ પણ સ્થળ પર હાજર હતી.

# પૂણેમાં દુર્લભ રોગ જીબીએસનો હાહાકાર : ૧૦૧ લોકો ઝપટમાં : બે દર્દીના મોત

### રોગનો ઈલાજ સંભવ પણ મોંઘો : એક ઈન્જેકશનના ૨૦ હજાર તેવા ૧૩ લેવા પડે : સારવાર મોંઘી હોઈ મહારાષ્ટ્રનાં ડે.સી.એમ પવારની વિનામુલ્યે સારવારની જાહેરાત



પુણે તા.૨૭

મહારાષ્ટ્રમાં પૂણેમાં ઝુલીયન બેરે સિન્ડ્રોમ (જીબીએસ) બિમારીથી હાહાકાર મચી ગયો છે. આ બિમારીએ બે દર્દીના જીવ લીધા છે. જયારે દર્દીઓની સંખ્યા વધીને ૧૦૧ થઈ ગઈ છે. આ બિમારીની સારવાર એટલી મોંઘી છે કે તેના એક ઈન્જેકશનની કિંમત ૨૦ હજાર રૂપિયા છે.

હવે આ દુર્લભ બિમારીથી એક ચાર્ટર્ડ એકાઉન્ટન્ટનું મોત થયુ છે. તે કેટલાંક દિવસ પહેલા સોલાપુર જિલ્લાનાં પોતાના ગામમાં હતા ત્યારથી તેને ઝાડા થઈ ગયા હતા. નબળાઈ વધવાથી તેને સોલાપુરની એક પ્રાઈવેટ હોસ્પીટલમાં દાખલ થયા તો તપાસમાં તેમને ખતરનાક દુર્લભ બિમારી જીબીએસ લાગુ પડી હતી.

શનિવારે તબિયત સ્થિર થયા બાદ સીએને આઈસીયુમાંથી બહાર કાઢવામાં આવ્યા હતા. થોડીવાર બાદ તેમને શ્વાસ લેવામાં તકલીફ પડવા લાગી અને તેમનું મૃત્યુ થયુ હતું. આ પહેલા આ રોગથી પીડીત એક ૬૪ વર્ષિય મહિલાનું હોસ્પીટલમાં સારવાર દરમ્યાન મોત થયુ હતું.

પૂણેમાં અત્યાર સુધીમાં ૧૦૧ કેસ બહાર આવ્યા છે. જેમાં ૧૬ વેન્ટીલેટર પર છે. કેન્દ્રે તપાસ માટે એક ટીમને પૂણે મોકલી છે. જીબીએસ જેવી દુર્લભ પરંતુ ઉપચાર થઈ શકે તેવી સ્થિતિથી પીડીત ૧૬ દર્દી હાલ વેન્ટીલેટર પર સપોર્ટ પર છે. લક્ષણો પરના ૧૯ માંથી ૯ ઓછી વયના છે. જયારે ૫૦-૮૦ વર્ષની વયના ૨૩ કેસ છે.

હોસ્પીટલમાં દાખલ દર્દીઓનાં પરીક્ષણથી જૈવિક નમ્રતામાં કેમ્પીલોબેકટર જેજુની બેકિટેરીયાનો પતો લાગ્યો છે સી જેજુની દુનિયાભરમાં જીબીએસનાં લગભગ એક તૃતિયાંશ મામલાનું કારણ બને છે અને સૌથી ગંભીર સંક્રમણો માટે પણ જવાબદાર છે.



# મહાકુંભમાં પવિત્ર સ્નાન કરતા અમિત શાહઃ ગંગામૈયામાં ડૂબકી લગાવીઃ શંકરાચાર્યોને મળ્યા

પ્રયાગરાજઃ મહાકુંભમાં મહાનુભાવો પણ ગંગામૈયામાં ડૂબકી લગાવીને 'પવિત્ર' થઈ રહ્યો છે તે સમયે કેન્દ્રીય સંરક્ષણ મંત્રી રાજનાથ સિંઘ બાદ આજે કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહે પણ આજે કુટુંબ સહિત પ્રયાગરાજ પહોંચીને સંગમ સ્નાન કર્યુ હતું અને ગંગામાં ડૂબકી લગાવી હતી. તેમની સાથે તેમના પુત્ર જય શાહ સહિતના કુટુંબીજનો જોડાયા હતા.

જૂના અખાડાના મહામંડલેશ્વર અવધેશાનંદ ગિરી અને યોગ ગુરૂ બાબા રામદેવ પણ જોડાયા હતા. શ્રી શાહે મહાકુંભમાં જતા પુર્વે ટવીટ કરીને તેઓને સંગમ સ્નાન કરવા આતુર હોવાનુ જણાવીને પોતાની આસ્થા દર્શાવી હતી. શ્રી શાહની મુલાકાત પુર્વે તેઓ અહીના લેટે હનુમાન મંદિરે દર્શનાર્થે ગયા હતા.(શ્રી શાહ સ્નાન કરવના હતા તેની આસપાસના ઘાટોમાં પણ પ્રવેશબંધી કરવામાં આવી હતી. તેઓ કુટુંબ સાથે ખાસ મીની સ્ટીમરથી વીઆઈપી ઘાટ પહોંચ્યા હતા. જયાં ઉતરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદીત્યનાથ પણ જોડાયા હતા તથા શ્રી શાહ લાલ રંગના પિતાંબર જેવા વસ્ત્રમાં ઉઘેડે ડીલે પાણીમાં ઉતર્યા હતા અને ગંગાનું આચમન કર્યુ હતું.

સંતોએ શ્રી શાહ પર ગંગાના ાણીનો અભિષેક કર્યો હતો. બાદમાં શ્રી શાહે પાણીમાં ડૂબકી લગાવી કુંભ સ્નાનનું પુણ્ય મેળવ્યુ હતું. બાદમાં તેઓ જૂના અખાડાની મુલાકાત લીધી હતી. જયાં શ્રીગુરૂ, પુરી, દ્વારીકા અને પુરીના શંકરાચાર્ય પણ મળ્યા હતા. આજે જ અહી સનાતન સંસદ મળી રહી છે. જેમાં સનાતન બોર્ડ રચના સહિતના નિર્ણય લેવાશે.ત્રણ પેઢી સાથે કુંભસ્નાન કરતા અમિત શાહ

કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહે આજે તેમના પત્ની કુસુમબેન પુત્ર જય શાહ તથા તેમના પૌત્ર અને પૌત્રી સાથે ગંગાસ્નાન કર્યુ હતું. આમ તેઓએ ત્રણ પેઢીનું પુણ્ય મેળવી લીધુ છે.

# ટોલ પ્લાઝામાં કર્મચારીઓ દ્વારા જ સરકારની આવકની ચોરીઃ સોફટવેરના તપાસના આદેશ

## એનએચએઆઇના સીજીએમ વાસિતે બધા આરઓને આદેશ કર્યો : કુલ ૧૨૦ કરોડની આવકની ચોરીનો પર્દાફાશ

મિર્જાપુર, તા.૨૭

ભારતીય રાષ્ટ્રીય રાજમાર્ગ ઓથોરીટી (એનએચએઆઈ)ના સીજીએમ અને ટોકસીઈઓ અબ્દુલ વાસિતે અતરેણ રાજા ટોલ પ્લાઝા પર ટેક્સ ચોરીના પાપણ બાદ દેશભરના ટોલ પ્લાઝાના સોફટવેરની તપાસ કરવાનો આદેશ આપ્યો છે.




તેમણે શુક્રવારે એનએચએઆઇના બધા ક્ષેત્રીય અધિકારીઓને પણ મોકલીયને ૨૫ જાન્યુઆરીથી તપાસ કરીને રીપોર્ટ મોકલવાનું કહ્યું છે. રીપોર્ટના આધારે આ ગોરખધંધામાં સામેલ અન્ય લોકો સામે કાર્યવાહી કરવામાં આવશે.ગત ૨૨ જાન્યુઆરીએ એસટીએફ લખનૌની ટીમે વારાણસી-રીવા રાષ્ટ્રીય રાજમાર્ગ પર અતરૈયા રાજા સ્થિત ટોલ પ્લાઝા પર દરોડો પાડ્યો હતો અને ચાર કર્મચારીઓની ધરપકડ કરી હતી.આ કર્મચારીઓ અલગ-અલગ સોફટવેર તૈયાર કરીને વાહનો પાસેથી વસૂલવામાં આવતી અડધાથી વધુ રકમ પોતાના પર્સનલ ખાતામાં ટ્રાન્સફર કરાવતા હતા. મામલાની જાણકારી થતાં દરોડા પાડ્યા તો એસટીએફ ચાર કર્મચારીની ધરપકડ કરી હતી.ટોલ પ્લાઝા પર ગેરરીતિ પકડાયા બાદ ટોલ પ્લાઝા પર ૨૪ જેટલા નવા કર્મચારીઓની તૈનાતી કરાઇ હતી. ટોલ પ્લાઝામાં આવકની ચોરીમાં એનએચએઆઈની તપાસમાં ૪૨ વધુ ટોલ પ્લાઝામાં અલગ સોફટવેર ઈન્સ્ટોલ કરવાનો મામલો પણ બહાર આવ્યા છે. આ સાથે આવા કુલ ટોલ પ્લાઝાની સંખ્યા ૮૪ થઇ ગઇ છે. તપાસમાં ૧૨૦ કરોડની આવકની ચોરી થયાનો સનસનીખેજ ખુલાસો થયો છે.

નો ફેવર, નો ફિઅર...
સામના મિરર
Dt.28/1/2025 TUESDAY


# આજે ઈન્ડિયા V/S ઇંગ્લેન્ડ T20 ક્રિકેટ મેચના પગલે ખાસ સુરક્ષા વ્યવસ્થા

## સ્ટેડીયમ પર ૪૮૨ જવાનોનો લોખંડી બંદોબસ્તઃ ૨ રેન્જ આઇજી અશોકકુમાર યાદવ અને એસપી હિમકરસિંહના માર્ગદર્શન હેઠળ ૪ DYSP, ૯ પીઆઇ, ૩૧ પીએસઆઇ સહિતનો સ્ટાફ ખડેપગે રહેશે

### સ્કેનર, બોમ્બ સ્કવોડ સહિતની ટીમો ખડેપગે રહેશે : હંગામી પોલીસ ચોકી ઉભી કરાઇ




રાજકોટ, તા. ૨૭

રાજકોટ પાસે ખંઢેરી નજીક આવેલા નિરંજન શાહ ક્રિકેટ સ્ટેડીયમ ખાતે ઈન્ડિયા અને ઇંગ્લેન્ડની ક્રિકેટ ટીમ વચ્ચે ટી-૨૦ મેચ રમવાનો છે. જેમાં હજારો ક્રિકેટ પ્રેમીઓ ઉમટી પડવાના છે. જેના અનુસંધાને રાજકોટ ગ્રામ્ય પોલીસ દ્વારા ૪૮૨ જવાનોનો લોખંડી બંદોબસ્ત ગોઠવાયો છે.

એસપી હિમકરસિંહે જણાવ્યું કે, મેચ દરમિયાન કાયદો વ્યવસ્થા જળવાઈ રહે તે અનુસંધાને સુરક્ષા પ્લાન તૈયાર કરાયો છે. જેમાં બંદોબસ્ત દરમિયાન ૧ એસપી કક્ષાના અધિકારી, ૪ ડીવાયએસપી કક્ષાના અધિકારી, ૯ પીઆઇ, ૩૧ પીએસઆઇ, ૨૫૨ એએસઆઇ, હેડ કોન્સ્ટેબલ, કોન્સ્ટેબલ સહિતના કર્મચારીઓ, ૧૦ મહિલા હેડ કોન્સ્ટેબલ, કોન્સ્ટેબલ, ૩૬ ટ્રાફિક પોલીસના જવાનો, ૪૦ ટીઆરબી જવાનો, ૪ હોર્સ રાઈડર, બોમ્બ સ્કવોડ-બીડીડીએસની ૨ ટીમો ખડેપગે રહેશે.

સ્ટેડીયમ ખાતે સુરક્ષા વ્યવસ્થાને ધ્યાને લઇ ૨ બગેજ સ્કેનર, ૧ સીસીટીવી કેમેરા કંટ્રોલ રૂમ, ૧ પોલીસ કંટ્રોલ રૂમ, ૨ ફાયર ફાઇટર, ૨ મેડીકલ ટીમ એમ્બ્યુલન્સ વાહનો સાથે, ૧ ફાયર સેફટી ઇકવીપમેન્ટ ચકાસણી ટીમ, ૨ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, ૨ નાયબ કાર્યપાલક ઇજનેર, ૪૦ એચ.એચ.એમ.ડી., ૨૦ ડીએફએમડી, ૪૦ વોકીટોકી, ૧ વાયરલેસ સેટની વ્યવસ્થા કરાઇ છે.

પોલીસ દ્વારા મેચ જોવા આવતા લોકોને ખાસ સૂચનાઓ પણ અપાઇ છે. જેમાં સ્ટેડીયમની અંદર બેગ, ટીફીન, ખાવાની વસ્તુ, પાણીની બોટલ, બીડી, માચીસ, લાઇટર, લાકડી, હથિયાર એવી કોઇપણ વસ્તુ અંદર લઇ જઇ શકશે નહીં. સ્ટેડીયમમાં પાસે બેસેલ પ્રેક્ષકો સાથે વિનમ્ર વ્યવહાર કરવો, પોલીસ ઓફીસરોની સૂચનાનું પાલન કરવું, ફકત નિયત કરેલ દરવાજેથી જ પ્રવેશવું, નિયત સ્ટેન્ડમાં જ બેસવું, તમારા સીટ નંબર ઉપર જ બેસવું, સ્ટેડીયમમાં એકવાર પ્રવેશ કર્યા બાદ બહાર નીકળશો તો ફરી પ્રવેશી શકાશે નહીં, શંકાસ્પદ હિલચાલ, શંકાસ્પદ વ્યકિત જણાય તેના ઉપર નજર રાખો. કોઇ શંકાસ્પદ વસ્તુ નજરે પડે તો તેને અડવું નહીં.

તાત્કાલીક નજીકના પોલીસ ઓફીસરોને જાણ કરવી. જો તમારે કોઇ સમસ્યા છે તો નજીકના પોલીસ ઓફીસરનો સંપર્ક કરો ટેમ્પરરી સ્ટેડીયમ પોલીસ ચોકી ખોલવામાં આવેલ છે. જેથી ત્યાં જઇ અને તમારી સમસ્યા ગભરાયા વગર પોલીસ ઓફીસરને જણાવી શકો છો. કોઇ વ્યકિત સ્ટેડીયમમાંથી ગ્રાઉન્ડમાં કોઇ પદાર્થ ફેંકતા પકડાશે તેના વિરૂધ્ધ સખ્ત કાર્યવાહી કરવામાં આવશે.

**પડધરીના મોવૈયા સર્કલથી ડાયવર્ઝન આપી દેવાયું**

સ્ટેડીયમ નજીકથી રાજકોટ-જામનગર હાઇવે રોડ પસાર થતો હોય અને ક્રિકેટ મેચ ના કારણે ટ્રાફિક જામ થવાની સંભાવના હોય જેથી ટ્રાફિક નિયમન માટે તા. ૨૮/૦૧/૨૦૨૫ના ક. ૧૬.૦૦થી તા. ૨૯/૧ના ક.૦૧.૦૦ વાગ્યા સુધી જામનગરથી રાજકોટ તરફ આવતા મોટા વાહનો (ટ્રક, ટેન્કર, ટ્રેલર વિગેરે) પડધરી મોવૈયા સર્કલથી ડાયવર્ઝન આપી, ટંકારા થઇ રાજકોટ તરફ આવશે અથવા પડધરી-નેકનામ-મીતાણા થઇ રાજકોટ તરફ આવશે. જે ટ્રાફિક ડાયવર્ટ કરવા સારૂ જીલ્લા કલેકટર રાજકોટ દ્વારા જાહેરનામુ પ્રસિધ્ધ કરવામાં આવનાર છે.

**હેલ્મેટ બાઇક સાથે લોક કરવું પડશે**

ગ્રામ્ય પોલીસે સૂચના આપી છે કે, ટુ વ્હીલર વાહન ચાલકોએ ફરજીયાત હેલ્મેટ પહેરવાનો રહે છે. પરંતુ સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસીએશન હેઠળના નિરંજન શાહ ક્રિકેટ સ્ટેડીયમના નિતી નિયમો મુજબ સ્ટેડીયમમાં હેલ્મેટ અંદર લઇ જવા પર પ્રતિબંધ છે. તેમજ સ્ટેડીયમની અંદર કે બહાર ગેઇટ ઉપર હેલ્મેટ રાખવાની માટેની કોઇ વ્યવસ્થા નથી.

જેથી ટુ વ્હીલર વાહનો લઇ ક્રિકેટ મેચ જોવા આવનાર તમામ પ્રેક્ષકોએ પોત-પોતાના હેલ્મેટ પોતાના વાહન સાથે સુરક્ષિત રીતે લોક કરવા માટેની વ્યવસ્થા કરીને આવવા માટે જાહેર જનતાને સુચના કરવામાં આવે છે. તેમજ પ્રેક્ષકોના વાહનો તથા અન્ય ચીજ વસ્તુની ચોરી ના થાય તે માટે યોગ્ય પોલીસ બંદોબસ્ત રાખવામાં આવેલ છે.

**આડેધડ પાર્ક કરેલા વાહનો પોલીસ ટોઇંગ કરી જશે**

રાજકોટ ગ્રામ્ય પોલીસ તરફથી ક્રિકેટ મેચ જોવા આવતા લોકોને ટ્રાફિક મેનેજમેન્ટ અંગે સુચનાઓ અપાઇ છે જેમાં વાહનો રોડની ડાબી તરફ રાખેલ પાર્કિંગ સ્થળે પાર્ક કરવાના રહેશે, ટ્રાફિક નિયમનનું ઉલ્લંઘન, રોંગ સાઇડ, અનિયમિત ડ્રાયવીંગ કરતા મળી આવશે તેના વિરૂધ્ધ સખ્ત કાર્યવાહી કરવામાં આવશે, ટ્રાફિક પોલીસની સૂચનાનું પાલન કરવું પડશે, રોડ ઉપર પાર્કિંગ ન કરવું, વાહન વ્યવસ્થિત પાર્કિંગ કરવા આડેધડ વાહન પાર્ક કરવાથી રોડ બ્લોક થઇ શકે છે, વાહનો ફકત નિયત પાર્કિંગ સ્થળે જ પાર્ક કરવાના રહેશે, આડેધડ પાર્ક કરેલા વાહનો ટોઇંગ કરી લેવામાં આવશે, વાહન બરાબર લોક કરેલ છે. ખાત્રી કરવી, વાહનોમાં કોઇ ચીજ અસુરક્ષીત ન રાખવી.

# બાનાખત પહેલા મિલ્કતની કુલ કિંમતના ૧૦ ટકાથી વધુ રકમ ગ્રાહક પાસેથી વસૂલનાર બિલ્ડરને રૂ.૫૦ હજારનો દંડ ફટકારતું રેરા

અમદાવાદ,તા.૨૭

વડોદરા શહેરના ગોત્રી ખાતે મધુસ આઇકોન નામની સ્કીમ મૂકીને તેમાં ખરીદનાર ગ્રાહક પાસેથી મિલકતની કુલ કિંમતના ૧૦ ટકાથી વધુ રકમ વસૂલ કરી દેવાના કેસમાં ગુજરાત રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટી દ્વારા વડોદરાના પ્રહાન ઈન્ફ્રાસ્ટ્રક્ચરને જવાબદારી ઠેરવીને ગ્રાહકનો રૂ. ૫૦ હજારનો દંડ ફટકારવાનો આદેશ કર્યો છે.

ઉલ્લેખનીય છે કે, રેરા એક્ટની કલમ ૧૩(૧)ની જોગવાઈઓ બદલ બાનાખત કરી આપતા પહેલા દસ ટકાથી વધુ રકમ લઈ શકાતી નથી. તેમ છતાં ગ્રાહક પાસેથી વસૂલ કરવામાં આવતા રેરાએ ગંભીર નોંધ લઈને બિલ્ડરને દંડ ફટકાર્યો હતો.

કેસની વિગતો મુજબ વડોદરાના સુભાનપુરા ખાતે સમૃધ્ધિ ટેનામેન્ટમાં રહેતા અને ડેન્ટલ ક્લિનીક ચલાવતા એકતા મૌલિક પંડ્યાએ ઉપરોક્ત સ્કીમમાં પોતાનું ક્લિનિક ચલાવવા માટે મિલકત બુક કરાવી હતી અને તેનું પેમેન્ટ આપ્યું




હતું. આ સ્કીમમાં યુનિટ નંબર ૫૦૪ ની ખરીદવા પેટે ૭ ઓગષ્ટ, ૨૦૧૯ના રોજ બાનાખત કર્યો હતો.

જ્યારે ૨ નવેમ્બર, ૨૦૨૧ના રોજ રજીસ્ટર્ડ દસ્તાવેજ તેમના અને તેમના પતિ મૌલિક વિનાયક પંડ્યાના નામે કર્યો હતો. જો કે તેઓએ મુદ્દો ઉપસ્થિત કર્યો હતો કે, હકીકતમાં કબજો ૨૦ માર્ચ, ૨૦૨૦ના રોજ આપવાનો હતો પરંતુ બિલ્ડરે વિલંબથી કબજો આપીને રેરાની જોગવાઈઓનો ભંગ કર્યો હોવાથી તેઓને મિલકતની કિંતમ અને ચક્રવૃધ્ધિ વ્યાજ સહિત રૂ.૧,૦૮ કરોડનું રીફંડ આપવું જોઈએ.

અરજદાર દ્વારા વધુમાં રજૂઆત કરવામાં આવી હતી કે, તેમના યુનિટમાં હલકી ગુણવત્તાનો ડોર નાખ્યો છે. ડ્રેનેજનો કોમન લાઇન યોગ્ય આપેલી નથી. પાણી લિકેજ થવાથી તેમનું ઈન્ટીરીયર અને ફર્નિચર ખરાબ થઇ ગયું છે. દિવોલોમાં તિરાડો હોવાથી રૂ. ૧૫ લાખનું વળતર આપવું જોઇએ.

આથી રેરા દ્વારા બિલ્ડરને નોટીસ કાઢવામાં આવતા તેના તરફથી જવાબ રજૂ કરવામાં આવ્યો હતો કે અરજદારે આ જ પ્રકારની અરજી ગ્રાહક કોર્ટમાં કરી છે. તેમની રેપ્યુટેશન ખરાબ થાય તેવા બદનક્ષીભર્યા શબ્દોનો ઉપયોગ કરીને પૈસા પડાવવા માટે ફરિયાદ કરી છે. તેઓને વોટર પ્રુફીંગ કરી આપવામાં આવ્યું છે.

બન્ને પક્ષોની રજૂઆતો અને જવાબો ધ્યાનમાં લીધા બાદ એક બાબત સામે આવી હતી અને અરજદાર દ્વારા પણ તેનો ખુલાસો કરવામાં આવ્યો હતો કે,વેચાણ દસ્તાવેજ મુજબ યુનિટની કુલ કિંમત રૂ૩૦ લાખ જણાવી છે. પરંતુ બાનાખાત પહેલા નિયમ પ્રમાણે બિલ્ડર રૂ.૩ લાખ લઈ શકે પરંતુ તેણે રૂ. ૩.૧૮ લાખ વસૂલ કર્યા છે.

આથી રેરાની કલમ ૧૩(૧)નો ભંગ કર્યો છે. આથી રૂ. ૧૮ હજાર વધુ સ્વિકારવા બાબતે પણ બિલ્ડરે ઈનકાર કર્યો નથી. આ બાબતે રેરાએ જણાવ્યું હતું કે, બિલ્ડર કાયદાનો ભંગ કરવા બદલ જવાબદાર છે.

બીજી બાજુ દસ્તાવેજ અને કબજો સમયસર આપવામાં બિલ્ડર દ્વારા કોઇ કસૂર કરવામાં આવ્યો નથી તેવું રેરાએ ઠરાવ્યું હતું. કારણ કે ૧ નવેમ્બર, ૨૦૨૧ના રોજ કબજો મેળવેલો હતો અને તે પછીને દિવસે દસ્તાવેજ કરાયો હતો. મિલકતની કબજા પાવતી ઉપર પણ ખરીદનારે સહિ કરી છે.

આમ ફરિયાદી મિલકતનો કબજો લેવા માટે ખુશી હોવાથી રિફંડનો આદેશ કરી શકાય નહી. ખુફર્નિચરમાં નુકસાનના વળતરની માગણી રેરાના એડજ્યુડીકેટીંગ ઓફિસર સમક્ષ કરવાની હોય છે. આથી તે દાદ હાલમાં સ્વિકારવા પાત્ર નથી.

# દર્દી વધ્યા; ફરી ડેંગ્યુ અને ટાઇફોઇડના કેસમાં વધારો

## મચ્છરજન્ય રોગચાળો વધતા બેદરકારી બદલ ૩૪૭ આસામીને નોટીસ : સિઝનલ રોગચાળાના ૧૯૪૦ કેસ જાહેર કરતી આરોગ્ય શાખા

રાજકોટ, તા. ૨૭

રાજકોટ શહેરમાં ઠંડી વચ્ચે છેલ્લા સપ્તાહમાં રોગચાળાના કેસમાં થોડો વધારો નોંધાયો છે. જેમાં એકાએક મચ્છરજન્ય ડેંગ્યુના નવા બે કેસ આવ્યા છે. તો ચીકનગુનીયા અને ટાઇફોઇડના પણ નવા દર્દી નોંધાયા છે. સાથે જ સિઝનલ રોગચાળાના ૧૯૪૦ કેસ ચોપડે ચડયા છે.

આરોગ્ય અને મેલેરીયા શાખાએ જાહેર કરેલા સાપ્તાહિક રીપોર્ટ મુજબ તા.૨૦-૧ થી ૨૬-૧ના સપ્તાહમાં ડેંગ્યુના નવા બે કેસ આવ્યા છે. તો ચીકનગુનીયાનો પણ એક કેસ બહાર આવતા મચ્છરનો ઉપદ્રવ થોડો વધ્યાનું લાગી રહ્યું છે. ખતરનાક તાવ ટાઇફોઇડના પણ ત્રણ નવા કેસ છે. શરદી-ઉધરસના ૯૪૬, સામાન્ય તાવના ૮૨૯, ઝાડા-ઉલ્ટીના ૧૫૯ દર્દીની નોંધ થઇ છે. ગત સપ્તાહ કરતા આ આંકડા થોડા વધુ છે.

મેલેરીયા શાખાએ જણાવ્યું છે કે ડેંગ્યુ એડીસ મચ્છર દિવસના સમયે કરડે છે અને એક સાથે વધુ લોકોને કરડતો હોવાથી, વધુ જનસમુદાય હોય તેવા સ્થળોએ આવા રોગ ફેલાવવાનો જોખમ વધુ રહે છે. વાહક નિયંત્રણની કામગીરી હેઠળ સપ્તાહમાં ૩૨,૫૪૧ ઘરોમાં પોરાનાશક તથા ફિલ્ડવર્કરો દ્વારા ૧૦૬૦ ઘરોમાં ફોગીંગ કામગીરી કરવામાં આવી છે.

મચ્છરની ઘનતા વધુ હોય તેવા વિસ્તારોમાં વહિકલ માઉન્ટેન ફોગીંગ મશીન ફોગીંગ કામગીરી કરવામાં આવે છે. સંવેદનશીલ સોસાયટી, મુખ્ય મંદિરો, બગીચા, ખુલ્લા પ્લોટ, સરકારી શાળાઓ, જાહેર રસ્તાઓ તથા વધુ માનવસમુદાય એકઠો થતો હોય તેવા તમામ વિસ્તારો ફોગીંગ કામગીરી હેઠળ આવરી લેવામાં આવેલ છે.

શહેરના જુદા જુદા વિસ્તારમાં રહેણાક મકાન, દુકાન, એપાર્ટમેન્ટ, કોર્મશિયલ કોમ્પલેક્સ, ઔધોગિક એકમો, વ્યાપાર ધંધાના સ્થળ તેમજ રહેણાંક મકાનની આસપાસના વિસ્તારોમાં મચ્છરોના ઉત્પતિ સ્થાનો જોવા મળે તો તુરંત નોટીસ અને દંડની કાર્યવાહી કરવામાં આવે છે.

# રાજકોટમાં પાન - મસાલાના ચાર વેપારીઓને જી.એસ.ટી.ના દરોડા




## કરચોરી સંદર્ભે જી.એસ.ટી. વિભાગે તપાસ શરૂ કરી

રાજકોટ તા.૨૭

રાજ્યના રાજકોટમાં ત્રદ્જીઝ વિભાગના અધિકારીઓના દરોડા પડ્યા છે. રાજકોટના પાન-મસાલાના હોલસેલના વેપારીઓની ચાર પેઢીમાં જીએસટી વિભાગ દ્વારા તપાસ હાથ ધરવામા આવી છે રાજકોટના મવડી વિસ્તારમાં પી પટેલ એજન્સી, કરણપરામાં રાજકમલ એજન્સી - અલ્કા સેલ્સ - જેનીશ સેલ્સ સહિતની એજન્સીઓમાં ત્રદ્જીઝ વિભાગ દ્વારા તપાસ કરવામાં આવી છે.

પ્રાથિક અહેવાલ અનુસાર તમામ પેઢીઓની ઓફિસોમાં, ઘરોમાં, ગોડાઉનમાં દરોડા પડ્યા છે. તો બીજી તરફ મોટા પ્રમાણમાં બેનામી વ્યવહારો મળે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે. અચાનક ત્રદ્જીઝ વિભાગના દરોડા પડ્યાની જાણ બાદ અન્ય વેપારીઓમાં ફફડાટ ફેલાયો છે.

ઉલ્લેખનીય છે કે, આ અગાઉ ત્રદ્જીઝ વિભાગે કરણપરા વિસ્તારમાં દરોડા પાડ્યા છે. ઉલ્લેખનીય છે કે આ દરોડામાં મોટી સંખ્યામાં અધિકારીઓ જોડાયા છે.

# DI પાઈપલાઈનનો પૂરતો સ્ટોક છતાં કામ કેમ સ્થગિત? અધિકારીઓની ખબર લેતા પદાધિકારીઓ



## ચાલુ સપ્તાહમાં રજૂ થનારા નવા વર્ષના બજેટ પૂર્વે નવા કમિશ્નર પાસે જુના કામોનો હિસાબ માંગતા શાસકો : મેયર બંગલે મેરેથોન મીટીંગઃ હવે પાઈપલાઈન ખરીદી અને જોબવર્ક પણ મોંઘા થતા નવી સપ્લાયને બ્રેક મારવા સૂચના

રાજકોટ, તા. ૨૭

મહાપાલિકામાં નવનિયુકત કમિશ્નર દ્વારા નવા નાણાંકીય વર્ષના અંદાજપત્ર માટેનો ધમધમાટ શરૂ થઇ ગયો છે ત્યારે ચાલુ ૨૦૨૪-૨૫ના અંદાજપત્રને પૂર્ણ કરવા માટે બે મહિના બચ્યા છે. પરંતુ ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડના હોબાળા, એક વર્ષમાં ત્રણ-ત્રણ કમિશ્નરની બદલી જેવા અસાધારણ સંજોગોને કારણે ચાલુ વર્ષના બજેટના અનેક મોટા કામ શરૂ થઇ શકયા નથી અને ટેન્ડર કે વર્કઓર્ડર કક્ષાએ પણ પહોંચ્યા નથી.

ત્યારે ગઇકાલે મેયર બંગલા ખાતે ચૂંટાયેલા લોકો, સાંસદ, ધારાસભ્ય, કમિશ્નર સહિતના અધિકારીઓની હાજરીમાં મહત્વની બેઠક યોજાઇ હતી. જેમાં અધિકારીઓ દ્વારા બજેટમાં મુકાતા કામો આગળ વધારવા કે સાકાર કરવા કોઇ નકકર પ્રયાસો કરવામાં નહીં આવતા હોવાની સ્પષ્ટ વાત કમિશ્નરને કરવામાં આવી છે. પખવાડિયેથી તમામ અધિકારીઓ નવા વર્ષના બજેટની તૈયારીમાં પડયા છે. પરંતુ ચાલુ વર્ષના બજેટના અધુરા કામોમાં કોઇને રસ નહીં હોવાની છાપ બેઠકમાં ઉભી થઇ હતી. મેયર નયનાબેન પેઢડીયા, ડે.મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટે.ચેરમેન જયમીન ઠાકર, નેતા લીલુબેન જાદવ, દંડક મનીષ રાડીયા સહિતના પદાધિકારીઓએ ચાલુ વર્ષના બજેટમાં રહેલા કામો આગળ વધારવા સૂચના આપી હતી.

તો પૂરા રાજકોટ માટે સૌથી અનિવાર્ય એવા પાણીની નવી ડીઆઇ પાઇપલાઇન પાથરવાના કામમાં ઘોર ઢીલ બદલ ભારોભાર નારાજગી વ્યકત કરવામાં આવી છે. મનપા પાસે સીધી ખરીદીના કારણે હવે ડીઆઇ પાઇપલાઇનનો કરોડો રૂપિયાનો સ્ટોક પડયો છે અને સ્ટે.કમીટીમાં લાઇન પાથરવાના કામ માટેના કોન્ટ્રાકટ પણ મંજૂર થઇ ગયા છે. આમ છતાં કામો સ્થગિત જેવી હાલતમાં હોવાનો પડઘો પડયો છે.

ચાલુ વર્ષના બજેટમાં કમિશ્નરની યોજનાઓ ઉપરાંત સ્ટે.ચેરમેન જયમીન ઠાકરે લોકોને સીધી સુવિધા મળે તેવી યોજનાઓનો ઉમેરો પણ કર્યો હતો.

પરંતુ બજેટ મંજૂર થયા બાદ ચૂંટણી આચારસંહિતા આવી હતી. આ બાદ મે મહિનામાં પુરા રાજયને ધ્રુજાવી દે તેવો ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડ બન્યો હતો. આ બાદ કમિશ્નરની બદલી થઇ, નવા કમિશ્નરે સાત મહિના કામ કર્યુ અને હાલ વર્ષમાં ત્રીજા કમિશ્નર આવ્યા છે. આથી પણ બજેટ ડિસ્ટર્બ થયું છે. જોકે કમિશ્નર બદલાઇ એટલે શું વિકાસની દિશા બદલી નાંખવાની તેવો સવાલ પણ કર્યો હતો.

અગ્નિકાંડની ઘટના બાદ તંત્રમાં મોટા ફેરબદલ વચ્ચે અધિકારીઓનો ઉત્સાહ પણ કચડાઇ ગયો હતો. જોકે રાજકોટની કરદાતા જનતા માટેની જવાબદારી ભૂલીને અધિકારીઓ જરૂરી કામો અભેરાઇ પર ચડાવી ન શકે. શું આ સમયગાળા દરમ્યાન અધિકારીઓએ પગાર લીધો નથી તેવું પણ પદાધિકારીએ પૂછી લીધુ હતું. પોતે પણ વેતન લીધાનું યાદ રાખ્યું હતું.

ડીઆઇ પાઇપલાઇનના કરોડોના કામ મંજૂર કરનાર સ્ટે.ચેરમેન જયમીન ઠાકરે આ કામોનો હિસાબ કમિશ્નર પાસે લીધો હતો અને તેમને આપ્યો પણ હતો. કોર્પો. હવે પાઇપલાઇનની સીધી ખરીદી કરે છે. પરંતુ હવે તે ભાવ મોંઘા પડે છે. પાઇપલાઇન પાથરવાના જોબવર્કના કામ પણ ઓનમાં જાય છે. આથી તેમાં નુકસાન થતું હોય, હાલ તુરંત નવી ખરીદીને બ્રેક મારવા પણ સૂચના આપી દેવામાં આવી છે.

બજેટમાં અનેક યોજનાઓ અને વિકાસ કામો અધિકારીઓ સાથે સંકલન કરીને જ મૂકવામાં આવે છે. હવે ઇજનેરો વ્હાઇટ ટોપીંગ રોડ શકય નહીં હોવાનું કહે છે. પેલેસ રોડ અને કુવાડવા રોડનું ડેવલપમેન્ટ શકય નહીં હોવાના અભિપ્રાય આપે છે. તો આવી યોજના મૂકતા સમયે ઇજનેરો શું વિચારતા હોય છે એવો સવાલ પણ ચેરમેને પૂછી લીધો હતો. નવા બજેટની તૈયારી વચ્ચે ચાલુ વર્ષના સાઉથ ઝોન સહિતના કામો માટે તાબડતોબ કાર્યવાહી આગળ વધારવા અને ટેન્ડર સહિતની પ્રક્રિયા કરવા સૂચના આપી છે. નવા બજેટ માટે છેલ્લા ઘણા સમયથી મીટીંગનો દૌર ચાલી રહ્યો છે. અધિકારીઓ તેમજ પદાધિકારીઓ દ્વારા લોકોનેસ્પર્શતા નવા કામોના સુચનો કરવામાં આવી રહ્યા છે. તેમજ તેને લગતી ચર્ચાઓ પણ થઈ રહી છે. પરંતુ ચાલુ વર્ષના અનેક પ્રોજેકટ માત્ર ફાઇલમાં હોય, આ માનસિકતા દુર કરવા સૂચના આપી હતી. કમિશનર દ્વારા મુકવામાં આવેલા તમામ પ્રોજેક્ટ નવા કમિશનર આવ્યે પણ યથાવત રાખવામાં આવે તેવી સૂચના આપી છે.પાણીની નવી પાઇપલાઇનના કામ સ્વર્ણિમ યોજનામાંથી ચાલી રહ્યા છે. હાલમાં પાઈપની ખરીદી સીધી કંપની પાસેથી કરવામાં આવે તો પણ ઓનથી પેમેન્ટ કરવામાં આવી રહ્યુ છે.

ત્યાર બાદ પાઈપલાઈન પાથરવાની લેબર પ્રક્રિયામાં પણ ૧૫થી ૨૫ ટકા ઓનના ભાવ આવી રહ્યા છે. અગાઉ એક જ એજન્સીને પાઈપલાઈનની ખરીદી અને લેબર સહિતનું કામ આપવામાં આવતું હતું. આ રીતે હવે નવા વર્ષનું બજેટ બને તેમાં તકેદારી રાખવામાં આવે, ફુલગુલાબી અને આકાશી યોજનાઓ દુર રાખવામાં આવી તેવી શકયતા છે. હાલ અધિકારીઓ નવા બજેટ ઉપરાંત ચાલુ વર્ષના શકય એટલા કામો શરૂ થાય તેના પ્રયાસોમાં પણ પડયા છે.



# ‘ચલો કુંભ ચલે’યાત્રાનો પ્રારંભ કરાવતા મુખ્યમંત્રી

## શ્રધ્ધાળુઓની સગવડતા માટે કુંભની વધુને વધુ બસો મૂકાશે : મંત્રી હર્ષ સંઘવી

### પ્રથમ વોલ્વો બસને ભૂપેન્દ્રભાઈ પટેલે કેસરી ઝંડી દર્શાવી પ્રસ્થાન કરાવ્યું

રાજકોટ,તા.૨૭

ગુજરાતના શ્રદ્ધાળુઓ પોતાના પરિવારજનો સાથે પ્રયાગરાજ મહાકુંભમાં આસ્થાની ડૂબકી લગાવી શકે તે માટે પ્રયાગરાજ યાત્રા સરળ બનાવવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં ગુજરાતથી દરરોજ પ્રયાગરાજ એસી વોલ્વો બસ શરૂ કરવામાં આવી છે.

તે અંતર્ગત મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પ્રયાગ રાજ જતી પ્રથમ બસ ને ગાંધીનગર સર્કિટ હાઉસથી કેસરી ઝંડી આપી ’ચલો, કુંભ ચલે’ યાત્રાનો પ્રારંભ કરાવ્યો હતો.

ભારતીય સંસ્કૃતિ અને પરંપરા મુજબ મંત્રોચ્ચાર તેમજ વિધિ સાથે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને વાહન વ્યવહાર મંત્રી હર્ષ સંઘવીએ પ્રથમ વોલ્વો બસમાં પ્રયાગરાજ જઈ રહેલા તમામ શ્રદ્ધાળુઓને સન્માનપૂર્વક આવકાર્યા હતા અને સુખદ યાત્રાની શુભકામનાઓ પાઠવી હતી.

મંત્રી હર્ષ સંઘવીએ કહ્યું હતું કે, પ્રયાગરાજ ખાતે જઈને ગુજરાતના શ્રધ્ધાળુઓ મહાકુંભમાં આસ્થાની ડુબકી લગાવી શકે તે માટે રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં જે સકારાત્મક નિર્ણય લીધો છે તેને ખૂબ સારો પ્રતિસાદ મળ્યો છે.

ગુજરાતના હજુ વધુ શ્રદ્ધાળુઓ પોતાના પરિવાર સાથે પ્રયાગરાજ જઈ શકે તે માટે વધુ બસો મૂકવા અંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દિશા નિર્દેશો મુજબ નિર્ણય લેવામાં આવશે. મુસાફરોને યાત્રા રૂટમાં કોઈ અગવડ ન પડે તે માટે રોકાણ સહિતની વ્યવસ્થાઓ ઉપલબ્ધ કરાવીને આ નિર્ણય લેવામાં આવશે.હાલની સ્થિતિ મુજબ દરરોજ સવારે ૭ વાગ્યે રાણીપ એસ.ટી ડેપો, અમદાવાદ ખાતેથી એસી વોલ્વો બસ પ્રયાગરાજ જવા નિકળશે. માત્ર રૂ. ૮૧૦૦ માં પ્રતિ વ્યક્તિ ૩ રાત્રિ/૪ દિવસનું પેકેજ ગુજરાતના શ્રધ્ધાળુઓ માટે ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ અને પ્રવાસન નિગમના સંયુક્ત ઉપક્રમે તૈયાર કરવામાં આવ્યુ છે. આ પેકેજમાં તમામ ૩ રાત્રિ માટે રોકાણ અને બસ મુસાફરીનો સમાવેશ કરવામાં આવ્યો છે. પ્રયાગરાજ ખાતે રાત્રિ રોકાણ ગુજરાત પેવેલિયનની ડોરમેટરી ખાતે કરવામાં આવ્યું છે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે આ વોલ્વો બસ સેવા નો પ્રારંભ કરાવ્યો તે વેળાએ ગાંધીનગર ના ધારાસભ્ય શ્રીમતી રીટા બહેન પટેલ, મેયર શ્રીમતી મીરાં બહેન પટેલ તેમજ શહેર અને જિલ્લા સંગઠન ના પદાધિકારીઓ, પ્રવાસન અગ્ર સચિવ ડો. રાજેન્દ્ર કુમાર, એસ ટી કોર્પોરેશન ના એમ ડી અનુપમ આનંદ અને વરિષ્ઠ અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

# કાલથી ત્રણ દિવસ તાપમાન નોર્મલ આસપાસ રહેશે; શુક્રવારથી ફરી ઠંડીનો ચમકારો; પારો ૧૦થી નીચે ઉતરશે



રાજકોટ, તા.૨૭

શિયાળાની ઠંડીમાં અનિયમિત વધઘટનો દોર ચાલી રહ્યો છે. આવતા એક સપ્તાહમાં સમાન સ્થિતિ રહેવા સાથે શુક્રવારથી તાપમાન નીચુ થશે અને ઠંડીનો ચમકારો અનુભવાશે તેવી આગાહી જાણીતા વેધર એનાલીસ્ટ અશોકભાઈ પટેલે કરી છે.

તેઓએ આજે વાતચીતમાં જણાવ્યું હતું કે હાલ તાપમાન નોર્મલ કે તેનાથી વધુ ઉંચુ રહ્યા કરે છે. આજે અમદાવાદનું ન્યુનતમ તાપમાન ૧૪.૩ ડીગ્રી હતું તે નોર્મલથી એક ડીગ્રી વધુ હતું. રાજકોટનું ૧૨.૭ ડીગ્રીના નોર્મલ સ્તરે હતું. અમરેલીમાં ૧૫.૭ ડીગ્રી, વડોદરામાં ૧૫.૪ ડીગ્રી, ડીસામાં ૧૨.૪ ડીગ્રી તથા ભૂજમાં ૧૬ ડીગ્રી હતું તે નોર્મલ કરતાં ૧ થી ૪ ડીગ્રી વધુ હતું.

તા.૨૮ જાન્યુઆરીથી ૩ ફેબ્રુઆરી સુધીની આગાહી કરતા તેઓએ કહ્યું કે કાલથી ગુરૂવાર (તા.૨૮ થી ૩૦ જાન્યુઆરી) ન્યુનતમ તાપમાન નોર્મલની નજીક કે થોડું રહેસે. ૧૩ થી ૧૭ ડીગ્રીની રેન્જમાં રહેવાની સંભાવના છે. તા.૩૧ને શુક્રવારથી તાપમાનનો પારો નીચો આવશે. ખાસ કરીને ૧ અને ૨ ફેબ્રુઆરીના રોજ તાપમાન સીંગલ ડીજીટમાં આવી જશે. ૯ થી ૧૩ ડીગ્રીની રેન્જમાં રહેશે. અમુક સેન્ટરોમાં તાપમાન ૧૦ ડીગ્રીથી નીચે ઉતરી જશે.

આગાહીના સમયગાળામાં પવન વધુ દિવસોમાં ઉત્તર પશ્ચિમ અને પશ્ચિમના ફુંકાશે જયારે છેલ્લા દિવસોમાં ઉત્તર અને ઉત્તર પૂર્વના હશે. તા.૨૭-૨૮ જાન્યુઆરીએ પવનની ગતિ ૧૦ થી ૧૫ કિ.મી.ની રહેશે. ૨૯ જાન્યુઆરીથી ૧ ફેબ્રુઆરીએ વધીને ૧૨ થી ૨૫ કિ.મી.ની થશે અને ૨-૩ ફેબ્રુઆરીએ ૧૦ થી ૨૦ કિ.મી. રહેશે.

આ દરમ્યાન વધુ દિવસોમાં આકાશમાં છુટા છવાયા વાદળો જોવા મળશે. ૨૯ થી ૩૧ જાન્યુઆરીએ કચ્છ તથા પશ્ચિમ સૌરાષ્ટ્રના ભાગોમાં ઝાકળ વર્ષાની સંભાવના છે.

**જાણીતા વેધર એનાલીસ્ટ અશોકભાઈ પટેલની તા.૩ ફેબ્રુઆરી સુધીની આગાહીઃ તા.૨૯ જાન્યુઆરીથી તેજ પવન ધ્રુજાવશે; ઝાકળવર્ષા શક્ય**



# રાજકોટમાં નકલી પોલીસનો રાફડો ફાટ્યો...

## તું ચુનારાવાડ ચોક પાસે આવેલ મકાનની ડેલીએ એક સ્ત્રી પાસે ગયો હતો કહીં ચોટીલાના યુવકને ખંખેરી લીધો

રાજકોટ. તા.૨૭

રાજકોટમાં નકલી પોલીસનો રાફળો ફાટ્યો હોય તેમ પ્રતિદિન નકલી પોલીસના ભોગ બનનારા સામે આવી રહ્યાં છે. ત્યારે તું ચુનારાવાડ ચોક પાસે આવેલ મકાનની ડેલીએ એક સ્ત્રી પાસે ગયેલ હતો કહીં ચોટીલાના યુવક પાસેથી રૂ.૨૩ હજાર ખંખેરી લીધાં હતા. બનાવ અંગે થોરાળા પોલીસે બે શખ્સોને દબોચી લઈ પૂછતાછ હતી.

બનાવ અંગે ચોટીલાના લાખણકા ગામમાં રહેતાં ભાવેશભાઈ વિઠ્ઠલભાઈ ખોરાણી (ઉ.વ 30) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે બે અજાણ્યાં શખ્સોના નામ આપી જણાવ્યું હતું કે, તે ખેતીકામ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. તેમનો મોટો ભાઈ કેતન પત્ની સાથે ગ્રીન લેન્ડ ચોકડી પાસે ભાડાના મકાનમાં રહે છે. તેમના ભાભીને ડિલીવરી આવવાની હોવાથી રાજકોટ રૈયા રોડ ઉપર આવેલ પાયલ હોસ્પિટલમાં દાખલ કરેલ હતા.

જેથી ગઇ તા.૨૫ ના બપોરના સમયે તે તેમજ તેના કાકા હું વાલજીભાઈ, કાકી સહિતના રાજકોટ હોસ્પિટલ ખાતે આવેલ હતા અને ત્યાં સાંજ સુધી રોકાયા બાદ ભાઈ કેતનના ઘરે આરામ કરવા માટે જવુ હોવાથી એક્ટીવા લઈને સાંજના સાતેક વાગ્યે હોસ્પિટલથી નીકળેલ અને હોસ્પિટલના ખર્ચ માટે ઘરેથી લાવેલ રૂ.૨૫ હજાર એક્ટીવાની ડેકીમાં રાખી દિધેલ હતા. તે ફરતો-ફરતો ચુનારાવાડ ચોક, ભાવનગર રોડ બાજુ આવેલ હતો. બાદ તે ચુનારાવાડ ચોકથી ભાવનગર રોડ અમુલ સર્કલથી નેશનલ હાઈવે તરફ

### ગભરાયેલા યુવકને જાગૃત નાગરિકે નકલી પોલીસ હોવાની જાણ કરતાં અસલી થોરાળા પોલીસ દોડી આવી અને ગુનો નોંધી બંને શખ્સોની ધરપકડ કરી

જતા ૮૦ ફુટ રોડ ઉપર એક્ટીવા ચલાવી જતો હતો ત્યારે રાત્રીના આઠેક વાગ્યાના અરસામાં તેમની પાછળથી એક ડબલ સવારી નંબર પ્લેટ વગરના બ્લુ કલરના એક્સેસમાં મોબે શખ્સો ઘસી આવેલ અને કહેલ કે, તુ અહીં શું રખડે છે. જેથી તેને કહેલ કે, હું હસ્પિટલથી મારા ભાઈના ઘરે જાવ છું, કહેતાં આરોપીએ અમે પોલીસમાં છીએ, તું ચુનારાવાડ ચોક પાસે આવેલ એક મકાનની ડેલી પાસે ઉભેલ એક સ્ત્રી પાસે તુ ગયેલ હતો જેથી તારી પાછળ પાછળ આવીને તને પકડેલ છે, તારા ઉપર પોલીસ કેસ કરવાનો છે, તારે અમારી સાથે પોલીસ સ્ટેશન આવવુ પડશે. જેથી યુવાન ગભરાઇ ગયેલ અને કહેલ કે, મારા ભાભી હોસ્પિટલમાં દાખલ છે અને મારે ત્યાં જવુ પડે તેમ છે તમે તમારી રીતે કાંઇ થતુ હોય તો પુરૂ કરો જેથી બન્નેએ કહેલ કે, તારા ગુગલ પે એકાઉન્ટમાં કેટલા રૂપિયા પડેલ છે જેથી કહેલ કે, મારા એકાઉન્ટમાં રૂ. ૪૫૦૦ જેટલા પડેલ છે. જેથી પાછળ રહેલ શખ્સે એક્ટીવાની ચાવી લઈ ડેકી ખોલીને જોતા તેમાં રાખેલ રોકડ રૂ. ૨૫ હજાર પડેલ હોય તે જોઇ ગયેલ અને બન્નેએ કહેલ કે, જો તારા ઉપર કેસ થવા દેવો ન હોય તો આ રૂપિયા અમને આપી દે જેથી તેને ના પાડેલ અને કહેલ કે, આ રૂપિયા મે દવાખાનાના કામ માટે રાખેલ છે તમને નહી આપુ તેમ કહેતા બન્ને શખ્સો ઢીકા પાટુનો માર મારવા લાગેલ અને પોલીસ સ્ટેશન લઇ જવાનુ કહેતા તે ડરી ગયેલ જેથી તેમને પૈસા લઇ જવાનુ કહેતા ડેકીમાંથી પૈસા કાઢી લીધાં હતા.બાદમાં અજાણ્યાં શખ્સે કહેલ કે, તારે દવાખાનાનુ કામ છે જેથી રૂ.૨ હજાર તને પાછા આપુ છુ, તેમ કહી રૂ. ૨૩ હજાર લઇ લીધેલ હતા.

અને ત્યાંથી જતો રહેવાનુ કહેતા તે ત્યાંથી નીકળી ગયેલ હતો. બાદમાં થોડે દુર હાઈવે રોડના સર્વિસ રોડ ઉપર જઈને એક અજાણ્યા ભાઈને હકિકત જણાવતા તેમને કહેલ કે, પોલીસનું ખોટુ નામ દઈ પણ તારી પાસેથી પૈસા લઇ ગયેલ હોય તેવુ પણ બની શકે છે. જેથી ૧૦૦ નંબરમાં ફોન કરતા પોલીસની ગાડી આવતા તે થોરાળા પોલીસ સ્ટેશન ખાતે આવેલ અને પોલીસને સમગ્ર બનાવની વાત કરી ફરીયાદ નોંધાવી હતી.

બનાવ અંગેની ફરીયાદ પરથી થોરાળા પોલીસે ગુનો નોંધી પીઆઈ એન.જે.વાઘેલા અને ટીમે તપાસ હાથ ધરી ગણતરીની કલાકોમાં થોરાળા વિસ્તારમાં જ રહેતાં બંને નકલી પોલીસને પકડી પાડી સઘન પૂછતાછ આદરી હતી.

સામના મિરર (દૈનિક) તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : રાજેશ ઉદયકુમાર બગડાઈ
મુદ્રણ અને પ્રકાશન સ્થાન : સામના મિરર પ્રિન્ટર્સ, જય ભવાની, ચુનારાવાડ શેરી નં.૫, શાક માર્કેટ પાસે, રાજકોટ ૩૬૦૦૦૭

# વલસાડ જિલ્લા પોલીસ વિભાગે ઉત્કૃષ્ટ કામગીરી બજાવનાર પોલીસકર્મીઓનું વિશેષ સન્માન કર્યું

**વલસાડ જિલ્લા પોલીસ વડા ડો. કરણરાજ વાઘેલાના સચોટ માર્ગદર્શનથી જિલ્લા પોલીસ હમેશા ગુનેગારો પર હાવી થઈ છે કાયદાનો ભંગ કરનારને દિવસે વલસાડ જિલ્લા પોલીસે તારા બતાવ્યા છે**







**રિપોર્ટરઃ કાર્તિક બાવીશી**

વલસાડ, તા. ૨૮ઃ વલસાડ જિલ્લા પોલીસ વડા ડો કરણરાજ વાઘેલાના સચોટ માર્ગદર્શન થી જિલ્લા પોલીસ હમેશા ગુનેગારો પર હાવી થઈ છે કાયદા નો ભંગ કરનાર ને દિવસે વલસાડ જિલ્લા પોલીસે તારા બતાવ્યા છે વલસાડ જિલ્લા પોલીસ વિભાગે ઉત્કૃષ્ટ કામગીરી બજાવનાર પોલીસકર્મીઓનું વિશેષ સન્માન કર્યું છે. PC સંજય ચૌહાણ અને PC રાજુ સોલંકીએ ડુંગરા સગીરા અપહરણ, દુષ્કર્મ અને હત્યા કેસમાં CCTV ફૂટેજ દ્વારા આરોપીની ધરપકડમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. આ ઉપરાંત, પારડી મોતીવાડા ખાતે યુવતીની અપહરણ, દુષ્કર્મ અને હત્યાના કેસમાં દિવ્યાંગ સિરિયલ કિલરની ધરપકડમાં પણ તેમનું યોગદાન નોંધપાત્ર રહ્યું.

સાયબર ક્રાઈમ વિભાગમાં PC અંકિત વાઘેલાએ ૪૮૫ અરજદારોની ૧૦૦૩ એન્ટ્રી દ્વારા કુલ ૨.૩૪ કરોડ રૂપિયા રિફંડ અપાવવામાં સફળતા મેળવી. તેમણે CRPC ૪૫૭ અંતર્ગત લોક અદાલત મારફતે પીડિતોને તેમના નાણાં પરત અપાવવામાં મહત્વની ભૂમિકા નિભાવી.

ASI અમિત રતિલાલ ભાટીયાએ લોકસભાની સામાન્ય ચૂંટણી દરમ્યાન LIB (લોકલ ઈન્ટેલિજન્સ બ્યુરો)ની ટીમ તરીકે તમામ મતદાન મથકોની સચોટ માહિતી એકત્રિત કરી અને સમયસર રિપોર્ટિંગ કર્યું, જેના માટે તેમને પણ સન્માનિત કરવામાં આવ્યાં હતા.

આ તમામ પોલીસકર્મીઓએ ટેક્નિકલ સર્વેલન્સ, CDR એનાલિસિસ, CCTV ફૂટેજની ઝીણવટભરી તપાસ અને ફીલ્ડ વર્ક દ્વારા ગુનાઓના નિરાકરણમાં નોંધપાત્ર યોગદાન આપ્યું છે.

# રાજકોટ પોલીસે GST કૌભાંડ કેસમાં જૂનાગઢના બેન્કકર્મીની ધરપકડ કરી

- **લોન અપાવી દેવાની લાલચે એકાઉન્ટ ખોલી તેમાં સૂત્રધારના નંબર, ઈ-મેઈલ નાખી ટ્રાન્ઝેક્શન કરાવતાં, એક એકાઉન્ટના ૫૦ હજાર લેતો'તો**



રાજકોટ, તા. ૨૮ઃ રાજકોટના ભગવતીપરામાં આવેલ પરમાર એન્ટરપ્રાઈઝ સહિતની પેઢીઓએ સેન્ટ્રલ ત્રૃજ્ઞમાં બનાવટી બીલીંગ, દસ્તાવેજો દ્વારા બોગસ ઈનપુટ ક્રેડીટ મેળવવાના કૌભાંડમાં પોલીસે જૂનાગઢના બેંક કર્મીની ધરપકડ કરી સઘન પૂછતાછ હાથ ધરી છે. પોલીસે ચોક્કસ બાતમીના આધારે સુત્રાપાડાથી બોગસ પેઢીનુ બેન્ક એકાઉન્ટ ખોલી આર્થિક લાભ મેળવી બોગસ પેઢીના ત્રૃજ્ઞ બિલો વેચેલ આરોપી પ્રશાંત ગીરીશ યોગાનંદી (ઉ.વ.૨૯)ને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સરકારને ૬૧,૩૮,૧૬૮નું આર્થિક નુકશાન પહોંચાડી ગુનો કર્યો

થોડા સમય પહેલાં ભગવતીપરા વિસ્તારમાંથી પરમાર એન્ટરપ્રાઈઝના નામથી બનાવટી ભાડા કરાર બનાવી ભાડા કરાર સેન્ટ્રલ GST ઓફિસ રાજકોટમાં ઓનલાઈન રજૂ કરી પરમાર એન્ટરપ્રાઈઝના નામે GST નંબર મેળવી બોગસ ઈનપુટ ટેક્સ મેળવવા માટે અન્ય કંપનીઓના સંચાલકો સાથે મળી ગુન્હાહિત કાવતરૂ રચી બનાવટી બીલીંગ, બનાવટી દસ્તાવેજો અને ખોટી રજુઆતો દ્વારા બોગસ ઈનપુટ ક્રેડીટ મેળવી સરકારને ૬૧,૩૮,૧૬૮નું આર્થિક નુકશાન પહોંચાડી ગુનો કર્યો હતો. જે મામલે આર્થિક ગુના નિવારણ શાખાના ઈન્ચાર્જ અને હાલ SOG પીઆઈ એસ.એમ.જાડેજા અને ટીમે તપાસ હાથ ધરી. અમદાવાદથી મહેશ લાંગા સહિતના આરોપીને પકડી પાડ્યા હતાં. જેમાં પરમાર એન્ટરપ્રાઈઝ પેઢીના સંચાલક સુધીરની પૂછતાછમાં જૂનાગઢમાં ઝાંઝરડા રોડ પર આવેલ એકસીસ બેંકના કર્મચારીનો મહત્વનો રોલ નીકળ્યો હતો.

**આરોપીની વધુ પુછપરછમાં વધુ શું નવા ખુલાસા થશે?**

આરોપી પ્રશાંત સુધીરના કહેવાથી અન્ય લોકોના નામે બેંક એકાઉન્ટ ખોલી તેમાં મોબાઈલ નંબર અને ઈ-મેઈલ આઈડી સુધીરનું રાખતો હતો. જેથી સુધીર જ રૂપિયાનો વહીવટ કરી શકે તેમજ આ ગુનામાં પણ પ્રશાંતે રાજકોટના જીતેન્દ્ર કાલાવડિયા નામના યુવકને લોન અપાવી દેવાની લાલચે એકાઉન્ટ ખોલી તેની કિટ સુધીરને આપી મોટા ટ્રાન્ઝેક્શન કરાવ્યાં હતાં. આરોપી એક એકાઉન્ટના ૫૦ હજાર લેતો હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છે ત્યારે આગળ આરોપીની વધુ પુછપરછમાં વધુ શું નવા ખુલાસા થશે તે જોવું મહત્વનું રહેશે.

# સાવરકુંડલામાં ભારત માતા પૂજનનું ભવ્ય આયોજન રાષ્ટ્રવાદનો ઉત્સવ


સાવરકુંડલા, તા. ૨૮ઃ ૨૬ જાન્યુઆરીના રોજ, પ્રજાસત્તાક દિનની ઉજવણીના ભાગરૂપે, સાવરકુંડલાના આડીશેરી આઝાદ ચોક, ગોપાલ મંડપની સામેંનો વિસ્તાર ખાતે, ભારત માતાનું ભવ્ય પૂજન યોજાયું હતુ સાવરકુંડલાના રાષ્ટ્રપ્રેમી નાગરિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. દેશની એકતા અને અખંડિતતા માટે પ્રાર્થના કરતાં, રાષ્ટ્ર પ્રેમી ભાઈઓ બહેનોએ ભારત માતાનુ પૂજન કરી દેશભક્તિનો ઉત્સાહ વ્યક્ત કર્યો હતો.

દેશભક્તિની ભાવના જગાવવાનો અને નવી પેઢીને દેશપ્રેમનું મહત્વ સમજાવવાનો હતો. આ સાથે જ, દેશની એકતા અને અખંડિતતા માટે લોકોને જોડવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. ભારત માતાનું પૂજન માત્ર એક ધાર્મિક વિધિ નહીં, પરંતુ દેશ પ્રત્યેના અપાર પ્રેમ અને નિષ્ઠાનું પ્રતીક છે અને સાવરકુંડલાની જનતાએ આ



કાર્યક્રમમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. મોટી સંખ્યામાં લોકો ભારત માતાના પૂજનમાં જોડાયા હતા. આ કાર્યક્રમ દ્વારા સાબિત થયું છે કે સાવરકુંડલાના લોકો દેશપ્રેમી છે અને તેઓ દેશની એકતા અને અખંડિતતા માટે હંમેશા તત્પર રહે છે. આ કાર્યક્રમ સાવરકુંડલા માટે એક યાદગાર દિવસ બની ગયો હતો.

# તા.30ના ગાંધી નિર્વાણ દિને કતલખાના બંધ રાખવા આદેશ



રાજકોટઃ આગામી તા.30-૧૦ના રોજ મહાત્મા ગાંધી નિર્વાણ દિન નિમિત્તે રાજકોટ મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલા તમામ પ્રકારના કતલખાનાઓ બંધ રાખવા કમિશ્નર તુષાર સુમેરાએ જાહેરનામુ બહાર પાડ્યું છે. આ જાહેરનામાનો ભંગ કરનાર સામે જીપીએમસી કાયદા હેઠળ અને કોર્પો.ના બાયલોઝ હેઠળ ધોરણસરની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવા સોલીડ વેસ્ટ વિભાગે જણાવ્યું છે.



# રાજકોટની SNK સ્કૂલમાં ધો.૯ની છાત્રાની છેડતીનો આક્ષેપ

## વિદ્યાર્થિનીએ કહ્યું- ધો. ૧૧ના છોકરા ધમકાવી રોફ જમાવે છે, માતા-પિતાને ગાળો બોલે છે; સ્કૂલે કહ્યું અમારી તપાસ ચાલુ છે

રાજકોટ, તા. ૨૮ઃ રાજકોટના યુનિવર્સિટી રોડ પર આવેલી એસએનકે સ્કૂલની ધોરણ ૯માં અભ્યાસ કરતી એક વિદ્યાર્થિનીએ ધો. ૧૧માં ભણતા વિદ્યાર્થીઓ દ્વારા છેડતી કર્યાના આક્ષેપ સાથેનો વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થયો હતો, ત્યારે આ મામલે આજે અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ (ABVP)ના કાર્યકરો અને હોદ્દેદારો સ્કૂલ પ્રિન્સિપાલને રજૂઆત કરવા પહોંચ્યા હતા. પરંતુ અઈટ્ઠના કાર્યકરોને સંસ્થાના દરવાજા પર જ અટકાવી દેવામાં આવ્યા હતા. જે બાદ કાર્યકરો દ્વારા ભારે સૂત્રોચ્ચાર કરવામાં આવ્યો હતો. જોકે, પોલીસ દ્વારા ૧૪ કાર્યકરોની ટીંગાટોળી કરી અટકાયત કરવામાં આવી હતી. જોકે, આ મામલે હજુ સુધી કોઈ ફરિયાદ નોંધાઈ નથી.

### સિનિયર વિદ્યાર્થી દ્વારા છેડતી કર્યાનો આક્ષેપ

આ સમગ્ર ઘટનાની વિગત એવી છે કે, યુનિવર્સિટી રોડ પર આવેલી એસએનકે સ્કૂલમાં ધો. ૯માં અભ્યાસ કરતી એક વિદ્યાર્થિનીનો સિનિયર વિદ્યાર્થી દ્વારા છેડતી કર્યાના આક્ષેપ સાથેનો વીડિયો બે દિવસથી સોશિયલ મીડિયામાં વાઈરલ થયો છે. આ વાઈરલ વીડિયોમાં વિદ્યાર્થિની જણાવી રહી હતી કે, આ આખી ઘટના છેલ્લા બે મહિનાથી ચાલી રહી છે પરંતુ સ્કૂલે કોઈ એક્શન નથી લીધું. ધો. ૧૧ના છોકરાઓ અમને બુલી કરે છે અને અમારા ઉપર રોજ રોફ જમાવે છે. જેમ ફાવે એમ અમારા માતા-પિતાને બોલે છે. તેઓ અમને માર્યા છે. હાલત ખરાબ થઈ ગઈ છે. માથું દુઃખે છે. સ્કૂલવાળાને પાંચમીવાર ફરિયાદ કરી પણ કોઈ એક્શન લેવાતું નથી.

### ’અમારા માતા-પિતાને ગાળો બોલવા લાગે છે’

વધુમાં વિદ્યાર્થિનીએ વીડિયોમાં જણાવ્યું હતું કે, અમે બસમાં એન્ટર થતા હોઈએ છીએ ત્યારે તેઓ પગ વચ્ચે રાખે છે અને થોડુંક પણ બેગ અડી જાય એટલે તરત જ અમારા માતા-પિતા સામે ગાળો બોલવા લાગે છે. અમે તેમને બે વાર વોર્નિંગ આપી અને પાંચવાર કમ્પ્લેન કરી કે તમે અમને હેરાન ના કરો, પરંતુ તેઓ માનતા ન હતા. તેમના માતા-પિતા આવ્યા અને મારા માતા-પિતા આવ્યા હતા તેમની સામે અમને ત્રણેયને મારી અને તેના પેરેન્ટ્સે જ અમને માર્યા. અમારા વાળ પકડીને રોડ પર ઢસળી હતી. આ સમગ્ર ઘટના કિરણનગરમાં બની હતી.

### ૧૪ ABVP કાર્યકરોની અટકાયત કરાઈ હતી

આ ઘટનાની જાણ થતાંની સાથે જ આજે અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદના કાર્યકરો અને હોદ્દેદારો બપોરના સમયે એસએનકે સ્કૂલ પર પહોંચી સંસ્થામાં પ્રિન્સિપાલને રજૂઆત કરવા પહોંચ્યા હતા. જોકે, તેઓને સિક્યુરિટીમેન દ્વારા દરવાજા પર જ અટકાવી દેવામાં આવ્યા હતા. આ અંગે ABVPના હોદ્દેદારોએ સંસ્થાના સંચાલકો સામે રોષ વ્યક્ત કર્યો હતો. જે બાદ ૧૪ જેટલા કાર્યકરોની અટકાયત કરવામાં આવી હતી. જોકે, આ ઘટનામાં હજુ સુધી કોઈ પોલીસ ફરિયાદ નોંધાઈ નથી

જોકે, આ મામલે એસએનકે સ્કૂલના સત્તાવાર સૂત્રોના જણાવ્યા પ્રમાણે આ સ્કૂલમાં ધો.૯ની વિદ્યાર્થિનીઓની ધોરણ ૧૧ના વિદ્યાર્થીઓ દ્વારા છેડતીનો આક્ષેપ કરવામાં આવ્યો છે તે બાબતે હાલ અમારી તપાસ ચાલુ છે. જેમાં વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષકોની પૂછપરછ કરવામાં આવી રહી છે. જોકે, વિદ્યાર્થીઓના પ્રશ્નોનો ઉકેલ બે જ દિવસમાં આવી જશે. આજે ચાલુ શૈક્ષણિક સત્ર દરમિયાન એટલે કે વિદ્યાર્થીઓ ભણતા હતા ત્યારે જ અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદના કાર્યકર્તા ત્યાં આવ્યા હતા. જેઓને બે દિવસમાં પ્રશ્નનો ઉકેલ આવી જશે તેવી બાહેંધરી આપી હોવા છતાં તેઓએ વિરોધ પ્રદર્શન કર્યું હતું.



# રાજકોટ સિવિલમાં ૨૦૨૪માં ૧૦.૫૫ લાખથી વધુની OPD થઈ

## ૩૫ લાખથી વધુ લેબ ટેસ્ટ, ૩૪ હજારથી વધુ એક્સ-રે કરવામાં આવ્યા, સિવિલમાં આઈ.સી.યુ.ના ૨૦૫ બેડ, ૧૪ સુપર સ્પેશિયાલિસ્ટ, ૨૭૩ સ્પેશિયાલિસ્ટ, ૪૮૨ રેસિડન્ટ ડોક્ટર્સ ખડેપગે

રાજકોટ, તા. ૨૮ઃ સગર્ભા, જન્મજાત બાળકથી લઈ વયોવૃદ્ધ તમામ જરૂરિયાતમંદ લોકોના આરોગ્યના હિતાર્થે રાજ્ય સરકારનો અભિગમ હંમેશા સંવેદનશીલ રહ્યો છે ત્યારે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં વર્ષ ૨૦૨૪માં સૌરાષ્ટ્રના ૧૦ લાખથી વધુની વિક્રમી ઘડઉ સારવાર સાથે ૧.૨૨ લાખથી વધુ દર્દીઓને ઈન્ડોર સારવાર પુરી પાડી લાઈફ લાઈન સાબિત થઈ છે. જેમાં જરૂરી ૫૦ હજારથી વધુ નાની-મોટી સર્જરી પણ સામેલ છે. સિવિલમાં ઈંઈઅના ૨૦૫ બેડ મળી ૧૬૧૮ બેડ છે. અહીં વર્ષ દરમિયાન ૩૫ લાખથી વધુ લેબ ટેસ્ટ તો ૩૪ હજારથી વધુ એક્સ-રે કરવામાં આવ્યા છે.

આ અંગે વિગત આપતા સિવિલ અધિક્ષક ડો. મોનાલી માંકડીયાએ જણાવ્યું હતુ કે, રાજકોટ શહેર સમગ્ર સૌરાષ્ટ્રનું પાટનગર હોવાથી અહીં રાજકોટ જિલ્લા ઉપરાંત અન્ય જિલ્લાના દર્દીઓ પણ સારવાર - સુશ્રુષા માટે આવતા હોય છે. અહીં ૨૪ કલાક ઈમર્જન્સી સારવાર ઉપલબ્ધ છે. રોજની સરેરાશ ૩ હજારથી વધુની ઘડઉ સહિત વર્ષ દરમ્યાન કુલ ૧૦ લાખ ૫૫ હજારથી વધુની ઘડઉ થઈ છે. જેમાં દર્દીની પ્રાથમિક તપાસ અને જરૂરિયાત મુજબ દવા અને અન્ય સારવાર પુરી પાડવામાં આવે છે. જે પૈકી જરૂરિયાત મુજબ દર્દીઓને રોગની આગળની સારવાર માટે દાખલ કરવામાં આવે છે. વર્ષ ૨૦૨૪માં ૧ લાખ ૨૨ હજારથી વધુ દર્દીઓને હોસ્પિટલમાં દાખલ કરી તેમની સારવાર કરવામાં આવી છે. જેમાં વિવિધ શાખામાં થઈ મેજર ૧૪,૫૬૩ અને માઈનોર ૩૭,૭૦૫ જેટલી સર્જરી પણ સામેલ છે.

રાજકોટ સિવિલ ખાતે દર્દીની સારવાર માટે જરૂરી લેબોરેટરી ટેસ્ટ પણ કરી આપવામાં આવે છે. વર્ષ દરમિયાન ૩૫ લાખ ૭૫ હજારથી વધુ બ્લડ, યુરીન સહિતના લેબોરેટરી ટેસ્ટ કરવામાં આવ્યા છે. જ્યારે ૩૪ હજારથી વધારે એક્સ-રે કરવામાં આવ્યા છે. આ ઉપરાંત ૧૩,૧૪૪ સીટી સ્કેન અને ૧૦,૪૦૪ ખજ્ઞ્ઈ પણ કરવામાં આવ્યા છે. રાજકોટ સિવિલ સાથે સંલગ્ન ઝનાના હોસ્પિટલમાં પ્રસૂતા અને બાળ વિભાગ કાર્યરત છે. જેમાં વર્ષ દરમિયાન ૧૦ હજારથી વધુ પ્રસૂતા મહિલાઓની ડિલિવરી કરવામાં આવી છે. આયુષ્માન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ સિવિલ ખાતે ૨૧ હજારથી વધુ દર્દીઓને ગત વર્ષમાં સારવારનો લાભ મળ્યો છે. અહીં PMSSY બિલ્ડીંગ ખાતે અદ્યતન ઈન્ફ્રાસ્ટક્ચર સાથે સુપર સ્પેશિયાલિટી વિભાગ, ઓપરેશન થીએટર, ડાયાલિસિસ સહિત ઈન્ડોર સેવા પુરી પાડવામાં આવે છે. બેડની વાત કરીએ તો, રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે ઈંઈઅની વિવિધ કેટેગરીના કુલ ૨૦૫ બેડ મળીને સિવિલ ખાતે કુલ ૧,૧૧૮ બેડ જ્યારે મહિલા અને ચાઈલ્ડ વિભાગના ૫૦૦ બેડ મળીને કુલ ૧,૬૧૮ બેડની ઈન્ડોર સારવારની કેપેસીટી છે.

### સિવિલ ખાતે સ્પેશિયાલિટી ઉપલબ્ધ સેવાઓ

ઈમરજન્સી વિભાગ, મેડીસીન વિભાગ, રેડીયોલોજી વિભાગ, સર્જરી વિભાગ, ઓર્થોપેડીક વિભાગ, ગાયનેક વિભાગ, ઈ.એન.ટી વિભાગ, દાંત વિભાગ, પીડીયાટ્રીક વિભાગ, આંખ વિભાગ, ટી.બી અને ચેસ્ટ વિભાગ, સ્કીન વિભાગ, એનેસ્થેસિયોલોજી વિભાગ, આયુર્વેદિક અને હોમીયોપેથીક (OPD), કસરત વિભાગ

### સુપર સ્પેશિયાલિટી સેવાઓ

પ્લાસ્ટિક સર્જરી, યુરોલોજી, ન્યુરો સર્જરી, ગેસ્ટ્રોએન્ટ્રોલોજી, પીડીયાટ્રીક સર્જરી, નેફ્રોલોજી અને ડાયાલીસીસ, કાર્ડિયોલોજી, ઓન્કોલોજી, પીડીયાટ્રીક ઓર્થોપેડીક સર્જરી, ડીસ્ટ્રીકટ અર્લી ઈન્ટરવેન્શન સેન્ટર, ન્યુટ્રીશન રીહેબીલીટેશન સેન્ટર

### સિવિલ ખાતે સેવારત તબીબી સ્ટાફ

સુપર સ્પેશિયાલિસ્ટ ૧૪, સ્પેશિયાલિસ્ટ ૨૭૩, રેસિડન્ટ ૪૮૨ ડોક્ટર્સ, ૯૦ મેડિકલ ઓફિસર્સ, ૭૩૩ નર્સિંગ, અન્ય સહાયક ૪૦૧ સહીત ૧૧૦૦થી વધુ સંલગ્ન સ્ટાફ.

# રાજકોટમાં IND-ENGના ખેલાડીઓની નેટ પ્રેક્ટિસ

## કોચ સિતાંશુ કોટકે કહ્યું- મોહમ્મદ શમી રમશે કે નહીં તે મેનેજમેન્ટ નક્કી કરશે; માર્ક વુડે કહ્યું- સારું પ્રદર્શન કરવા ટીમ તૈયાર







રાજકોટ, તા. ૨૮ઃ ભારત અને ઇંગ્લેન્ડ વચ્ચે ચાલી રહેલી ટ૨૦ સીરિઝની ત્રીજી મેચ રાજકોટમાં આવતીકાલે ૨૮ જાન્યુઆરીના રોજ રમાવવાની છે, ત્યારે આજે બંને ટીમ દ્વારા નિરંજન શાહ સ્ટેડિમય ખાતે નેટ પ્રેક્ટિસ કરવામાં આવી રહી છે. બપોરના ૧ વાગ્યાથી સાંજના ૫ વાગ્યા સુધી ટીમ ઇંગ્લેન્ડના ખેલાડીઓ દ્વારા પ્રેક્ટિસ કરવામાં આવી હતી. જ્યારે સાંજના ૫ વાગ્યાથી ટીમ ઇન્ડિયાના ખેલાડીઓ પ્રેક્ટિસ કરવા સ્ટેડિયમમાં આવી પહોંચ્યા છે. જેઓ રાત્રિના ૮ વાગ્યા સુધી પ્રેક્ટિસ કરશે.

**મેચમાં સારું પ્રદર્શન કરવા ઇંગ્લેન્ડની ટીમ તૈયાર**

નેટ પ્રેક્ટિસ પૂર્વે ટીમ ઇંગ્લેન્ડના ખેલાડી માર્ક વુડ દ્વારા પત્રકાર પરિષદ યોજવામાં આવી હતી. જેમાં તેમણે જણાવ્યું હતું કે, ઇંગ્લેન્ડની ટીમ પોઝિટિવ છે. હજુ સીરિઝમાં ત્રણ મેચ બાકી છે તેમાં જીતવાનો પૂરો પ્રયાસ કરીશું. પહેલી મેચમાં હાર બાદ બીજી મેચ બહું ક્લોઝ રહી તો હવે આગળની મેચમાં વધુ એફર્ટ્સ સાથે ટીમ મેદાનમાં ઉતરશે. સીરિઝની બીજી મેચ ખૂબ મનોરંજન ભરી હતી. T20 ફોર્મેટ ખૂબ ઝડપી કોઈપણ એક ઓવરમાં મેચનો માહોલ બદલી દેતો હોય છે. જેથી હવે આગામી મેચોમાં વધુ સારું પ્રદર્શન કરવા માટે ઇંગ્લેન્ડની ટીમ તૈયાર છે.

તેમને વધુમાં જણાવ્યું હતું કે, મારી બોલિંગમાં હજુ સારી ગતિ અને આગળના બેટરોને આઉટ કરવા માટે પ્રયત્ન કરીશું કે જેના પરિણામ આગળ ચેમ્પિયન્સ ટ્રોફીમાં પણ સારું પ્રદર્શન કરવા માટે વધુ ફોકસ રહી શકે. પરિસ્થિતિની વધુ ચિંતા કર્યા વગર કોચ મેકલમ પણ આગળનું વિચારી રહ્યા છે. અમે શરૂઆતમાં જ વિકેટો લેવાનો પ્રયાસ કરીશું જેનાથી સામેની ટીમ પર પ્રેશર બનાવી શકીએ. રાજકોટની પીચ પર સ્પીનર્સને મદદ મળતી હોય તો અમારી પાસે વર્લ્ડ ક્લાસ સ્પિનર અબ્દુલ રશીદ છે જે મિડલ ઓર્ડરના બેટરોને આઉટ કરવા માટે ખૂબ સારો વિકલ્પ છે તેની સાથે લિવિમ લિવિંગસ્ટન્ટ પણ અમારી પાસે બીજા સ્પિનર તરીકે વિકલ્પ છે. અત્યાર સુધીના બંને મેચમાં પીચનો સ્વભાવ અલગ અલગ જોવા મળ્યો હતો. જેમાં દિલ્હીમાં પીચ થોડી લો હોવાથી બાઉન્સ ઓછો હતો. જ્યારે ચેન્નઈમાં અપ ડાઉન બાઉન્સના કારણે અમુક શોટ્ર્સ ટોપ એજ સાથે સિક્સર માટે હતા.

વધુમાં તેમને જણાવ્યું હતું કે, શોર્ટ ફોર્મેટમાં ટીમના જીત માટે એક બે ઓવર મહત્વની સાબિત થાય છે. જેના માટે અમે ટીમ મેમ્બર પ્રેક્ટિસ કરી રહ્યા છે. ભારતીય ટીમના યંગ બેટર પણ સારું પ્રદર્શન કરી રહ્યા છે. તિલક વર્મા, અભિષેક શર્મા અને સંજુ સેમસનની તકનીક અદ્ભુત છે તેઓ ટીમને સારું સ્ટાર્ટ આપવા માટે ખૂબ સારા વિકલ્પ છે.

સાંજે ૫ વાગ્યે ટીમ ઇન્ડિયા રાજકોટ નિરંજન શાહ સ્ટેડિયમમાં પ્રેક્ટિસ કરવા પહોંચી હતી. તે પહેલાં ભારતીય ક્રિકેટ ટીમના બેટિંગ કોચ સિતાંશુ કોટક પત્રકાર પરિષદ યોજી હતી. જેમાં તેમણે જણાવ્યું હતું કે, તમામ ખેલાડીઓને ઓળખું છું તેના કારણે મારા માટે આ કોઇ નવી જોબ નથી. હા પણ જે નવી તક મળી છે તો તેની પૂરી ફરજ નીભાવિશ. દરેક બેટરની પોતાની તાકાત જુદી જુદી હોય છે, ઘણા બેટ્સમેનને સ્પીડ પંસદ હોય છે તો ઘણા પોતાના કાંડાના બળનો ઉપયોગ કરતા હોય છે. બેટ્સમેન પોતાની સ્થિતિ પ્રમાણે બોલારોને ટાર્ગેટ કરતા હોય છે. જેમાં તિલક વર્મા એવો બેટ્સમેન છે જે ક્યાં બોલરને ટાર્ગેટ કરવો તેને તેનો ખ્યાલ હોય છે.

**રોહિત અને વિરાટ ખૂબ સિનિયર ખેલાડી છે**

પરંતુ ખાલી ઉપલા ક્રમના બેટ્સમેન નહિ પરંતુ અર્શદિપ સહિતના બોલરો પણ બેટિંગમાં સુધારો કરવા માટે પ્રયાસ કરી રહ્યા છે. જેથી હું આ તમામ બેટરને તેમની ક્ષમતા અને વિચારસરણી પ્રમાણે જ ઢાળવાની કોશિશ કરી રહ્યો છું. રોહિત અને વિરાટ ખૂબ સિનિયર ખેલાડી છે પરંતુ અત્યારના યંગ બેટ્સમેન પણ તેમના પ્લાન અને મેચની સ્થિતિને ઓળખે છે અને તેના પ્રમાણે તેઓ મેચને આગળ ચલાવે છે. જેના કારણે સૌથી પહેલા હું બેટિંગ કોચ હોવાથી તેમના વિચારોને જાણી તેમાં મારા અનુભવ અને વધુ સારું કઈ રીતે થઈ શકે તેના માટે અમે હાલ પ્રયાસો કરી રહ્યા છીએ.

**રાજકોટની પીચ પર હાઇસ્કોરિંગ ગેમ થશે તેવી પૂરી શક્યતા**

હું ખુદ માનું છું કે T20 એક એગ્રેશન ગેમ છે જેનાથી તમે બચી શકતા નથી. તમારી સ્થિતિ પ્રમાણે પોતાના પ્લાન બદલતા રહેવા પડે છે. દરેક દેશમાં આ ગેમ જુદી જુદી વિચારસરણીથી રમવી પડે છે. કોણ બોલર સામે છે તેના બોલ પર કેવો બાઉન્સ છે અને તેની કાબિલાયાત શું છે? તમામ પાસાઓ પર પ્લાન કરવો પડે છે. રાજકોટની પીચ બેટિંગ માટે પ્રખ્યાત છે જેથી હાઇસ્કોરિંગ ગેમ થશે તેવી પૂરી શક્યતા છે. કોઈ ફિક્સ એરિયા પર રમી ના શકાય કારણ કે સામેની ટીમ પણ પોતાના પ્લાન પર રમતી હોય છે તેના પ્લાન પ્રમાણે ઇન્ડિયન ટીમના બોલર અને બેટ્સમેન પોતાના પ્લાન મેદાન પર બદલવા પડતા હોય છે.

**મોહમ્મદ શમી રમશે કે કેમ તે કેપ્ટન અને કોચ નક્કી કરશે**

મોહમ્મદ શમી હાલ ફીટ છે, તે રમશે કે કેમ તે કેપ્ટન અને કોચ નક્કી કરશે. પરંતુ હાલ શમીની ફિટનેસ કોઈ સવાલ નથી, પરંતુ રમવા માટે આખરી કોલ ટીમ મેનેજમેન્ટ કરશે. પહેલાં કહ્યું એમ આ શોર્ટ ફોર્મેટ ખૂબ ઝડપથી પસાર થાય છે. જેથી હાર્દિક અને સુર્યા બંને સેલ્ફલેસ થઈને મેદાન પર રમે છે. જેના કારણે ક્યારેક સ્કોર કરી શકતા હોય છે, પરંતુ તે જે રીતે બેટિંગ કરે છે તે ગેમ પ્રમાણે પ્લાન કરી રહ્યા છે. બંને બેટ્સમેન ખૂબ એગ્રેશન છે તેથી તેઓ ટીમને પણ આગળ લઈને જાય છે.

**તિલક વર્મા અને અભિષેક શર્મા ફોર્મમાં છે**

ઉલ્લેખનીય છે કે, ભરતી ટીમના ખેલાડીઓ સ્ટેડિયમમાં સાંજના ૫ વાગ્યાથી શરૂ કરી ૮ વાગ્યા સુધી નેટ પ્રેક્ટિસ કરી હતી. તાજેતરમાં રાજકોટમાં સૈયદ મુસ્તાક અલી ટ૨૦ ટુર્નામેન્ટમાં તિલક વર્મા, અભિષેક શર્મા, અર્શદીપ સિંઘ અને મોહમદ શામી પણ મેચ રમી ચુક્યા છે માટે તેઓને આ પિચનો અનુભવ હોવાથી આગામી મેચમાં ટીમ ઇન્ડિયાને ચોક્કસ ફાયદો થઇ શકે તેમ છે તેમાં પણ તિલક વર્મા અને અભિષેક શર્મા ફોર્મમાં છે તેનો પણ ફાયદો થઇ શકે છે.



# ગુજરાતમાં છેલ્લા બે વર્ષમાં વિવિધ પર્યટન સ્થળો અને ઉત્સવોમાં અંદાજે ૩૫.૮૯ કરોડથી વધુ પ્રવાસીઓ થયા સહભાગી

**સૌથી વધુ વાઈબ્રેન્ટ નવરાત્રી મહોત્સવમાં ૨૩.૧૨ લાખ જેટલા પર્યટકો; રણોત્સવમાં અત્યાર સુધીમાં કુલ ૧૭.૮૩ લાખથી વધુ પર્યટકોએ મુલાકાત લીધી**

**આંતરરાષ્ટ્રીય પતંગોત્સવમાં ૯.૨૯ લાખ, સાપુતારા મેઘ મલ્હાર ફેસ્ટીવલમાં ૦૫ લાખ તેમજ તરણેત્તર મેળામાં ૦૪ લાખથી વધુ પ્રવાસીઓ**

પર્યટન એ પ્રકૃતિના સૌંદર્યનો આનંદ માણવાની સાથે સાથે દેશની સંસ્કૃતિ, ઈતિહાસ અને પરંપરાઓને સમજવાનો અને જાણવાનો શ્રેષ્ઠ માર્ગ છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી જયારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે તેમને પ્રવાસન ક્ષેત્રને વેગવાન બનાવવા અથાગ પ્રત્યન કર્યા હતા.

ગુજરાતમાં વાયબ્રન્ટ નવરાત્રી, ધોરડો રણોત્સવ, આંતરરાષ્ટ્રીય પતંગોત્સવ, સાપુતારા મેઘ મલ્હાર, તરણેત્તર મેળો, માધવપુર મેળો, કાંકરિયા કાર્નિવલ જેવા અનેક ઉત્સવો તેમજ સોમનાથ, દ્વારકા, અંબાજી, સૂર્યમંદિર મોઢેરા, રાણીની વાવ, હેરીટેજ સિટી અમદાવાદ, સ્ટેચ્યુ ઓફ યુનિટી, શિવરાજપુર બીચ સહિત વિવિધ પ્રવાસન સ્થળો દેશ-વિદેશના પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યા છે. જેના પરિણામ સ્વરૂપે ગુજરાતમાં વર્ષ ૨૦૨૩માં ૧૭.૨૬ કરોડથી વધુ તેમજ વર્ષ ૨૦૨૪માં ૧૮.૬૨ કરોડ એમ છેલ્લા બે વર્ષમાં વિવિધ પર્યટન સ્થળો અને ઉત્સવોમાં અંદાજે ૩૫.૮૯ કરોડથી વધુ પ્રવાસીઓ સહભાગી થયા છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ તેમજ પ્રવાસન મંત્રી શ્રી મુળુભાઈ બેરાના માર્ગદર્શનમાં રાજ્ય સરકાર ગુજરાતમાં પ્રવાસન સ્થળોના સર્વાંગી વિકાસની સાથે ઉત્સવોને વિશેષ પ્રાધાન્ય આપી રહી છે. ગુજરાતમાં છેલ્લા બે વર્ષમાં મુખ્યત્વે સૌથી વધુ વાઈબ્રેન્ટ નવરાત્રી મહોત્સવમાં ૨૩.૧૨ લાખ જેટલા પર્યટકો નોંધાયા છે.જ્યારે કચ્છમાં યોજાતા ધોરડો રણોત્સવમાં વર્ષ ૨૦૨૩-૨૪માં ૭.૪૨ લાખ અને વર્ષ ૨૦૨૪-૨૫માં અત્યાર સુધીમાં ૭.૫૨ લાખ એમ કુલ મળીને ૧૪.૯૪ લાખ જેટલા પર્યટકો નોંધાયા છે.

## ભારતની સંસ્કૃતિ અને પર્યટનના સમન્વયનો ઉત્સવ ; રાષ્ટ્રીય પર્યટન દિવસ

આ ઉપરાંત, છેલ્લા બે વર્ષમાં આંતરરાષ્ટ્રીય પતંગોત્સવમાં ૯.૨૯ લાખ, સાપુતારા મેઘ મલ્હાર ફેસ્ટીવલમાં ૦૫ લાખ જેટલા તેમજ તરણેત્તર મેળામાં ૦૪ લાખથી વધુ પ્રવાસીઓ- નાગરિકોએ મુલાકાત લીધી છે.

તત્કાલીન મુખ્યમંત્રી અને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૦૫માં ફક્ત ત્રણ દિવસના આયોજન સાથે કચ્છના રણમાં ધોરડો ખાતે રણોત્સવની શરૂઆત કરાવી હતી જે આજે ગ્લોબલ ઈવેન્ટ બની ગઈ છે. એક સમયે જે રણની ઓળખ ઉજ્જડ જમીન તરીકેની હતી, તે સ્થળે આજે રણોત્સવ ઉજવાય છે. વડાપ્રધાનશ્રીના વિઝનથી આજે કચ્છનું રણ 'રણોત્સવ'થી વિશ્વ પ્રવાસનનું તોરણ બન્યું છે. યુનાઈટેડ નેશન્સની એજન્સી વર્લ્ડ ટુરિઝમ ઓર્ગેનાઈઝેશન દ્વારા ધોરડોને ''બેસ્ટ ટુરિઝમ વિલેજ''નો એવોર્ડ પણ એનાયત કરવામાં આવ્યો છે.કચ્છ રણોત્સવથી ગુજરાતના પ્રવાસન ઉદ્યોગને તો વેગ મળ્યો જ છે, સાથે અનેક લોકોના આર્થિક અને સામાજિક વિકાસનું માધ્યમ પણ બન્યો છે. રણોત્સવની મુલાકાતે આવતા લાખો સહેલાણીઓના પરિણામે સ્થાનિક લોકો, ખાસ કરીને હસ્તકલા ક્ષેત્રના લોકો માટે આવકનો નોંધપાત્ર સ્ત્રોત ઊભો થયો છે અને પરંપરાગત કલાકૃતિઓને વૈશ્વિક બજાર મળ્યું છે.

ગુજરાતમાં ઉત્તરાયણ એટલે કે મકરસંક્રાંતિના તહેવારનું આગવું મહત્વ છે. સમગ્ર રાજ્યના પતંગ રસિયાઓ રંગબેરંગી પતંગો હવામાં ઉડાડીને ઉત્તરાયણનો તહેવાર ઉજવે છે. આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવના આયોજન થકી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે રાજ્યના વિવિધ પ્રવાસન સ્થળો પ્રમોટ થાય છે, જેના થકી પ્રવાસીઓની સંખ્યામાં વધારો થયો છે. દેશ વિદેશમાંથી ગુજરાત આવતા પતંગબાજો અને તેમની અવનવા આકારોવાળી રંગબેરંગી પતંગો આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવનું મુખ્ય આકર્ષણ હોય છે.

આ વર્ષે આયોજિત પતંગ મહોત્સવમાં ૪૭ દેશોમાંથી ૧૪૩ પતંગબાજો અને ભારતના અન્ય ૧૧ રાજ્યોમાંથી ૪૭ જેટલા પતંગબાજોએ ભાગ લીધો હતો. જ્યારે ગુજરાતના ૧૧ જેટલા શહેરોમાંથી ૪૧૭ જેટલા પતંગબાજો એમ કુલ ૬૦૭ જેટલા પતંગબાજોએ ભાગ લીધો હતો.

રાજ્યના પ્રવાસન નિગમ દ્વારા દર વર્ષે અમદાવાદમાં વાઈબ્રન્ટ ગુજરાત નવરાત્રી ઉત્સવનું આયોજન કરવામાં આવે છે. વિશ્વના સૌથી લાંબા નૃત્ય મહોત્સવ તરીકે ઓળખાતા વાઈબ્રન્ટ ગુજરાત નવરાત્રી ઉત્સવ એ ૧૦ દિવસનો ઉત્સવ છે જ્યાં હજારો ભક્તો દેવી માં અંબાની ભક્તિના પ્રતીક તરીકે પરંપરાગત દાંડિયા અને ગરબા રમે છે. છેલ્લા બે વર્ષમાં ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડ દ્વારા અમદાવાદના જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે આયોજિત વાયબ્રન્ટ નવરાત્રી મહોત્સવમાં અંદાજે ૨૩.૧૨ લાખથી વધુ ખેલૈયાઓ સહભાગી થયા હતા.

માં નર્મદા ગુજરાતમાં જ્યાંથી પ્રવેશે છે તે છોટા ઉદેપુરના હાફેશ્વર ગામને કેન્દ્રના પર્યટન મંત્રાલય દ્વારા હેરીટેજ કેટેગરીમાં શ્રેષ્ઠ ગ્રામીણ પર્યટન-૨૦૨૪નો એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. એક અંદાજ મુજબ વાર્ષિક એક લાખથી વધુ પ્રવાસીઓ હાફેશ્વરની મુલાકાતે આવે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, સમગ્ર દેશમાં દર વર્ષે ૨૫મી જાન્યુઆરીને 'રાષ્ટ્રીય પર્યટન દિવસ' તરીકે ઉજવવામાં આવે છે, જે ભારતના વૈવિધ્યસભર પર્યટન સ્થળો અને તેની ધરોહરના જતન માટે નાગરિકોને જાગૃત કરવાનો એક અનોખો પ્રયાસ છે. દેશભરમાં વર્ષ ૨૦૨૫માં રાષ્ટ્રીય પર્યટન દિવસ ''ટુરિઝમ ફોર ઈન્કલુસિવ ગ્રોથ''ની થીમ ઉપર ઉજવાશે તેમ, પ્રવાસન નિગમની યાદીમાં જણાવાયું છે.

## સ્ટેટ મોનીટરીંગ સેલે વધુ એક વખત દારૂનો મોટો જથ્થો પકડયો

# રાજકોટની ભાગોળેથી ૧૨૫૦૦ બોટલ દારૂ જબ્બે ૭૨ લાખનો મુદ્દામાલ જપ્ત

## કુવાડવા પોલીસની આબરૂનું ચિર હરણ કરી નાખતું એસએમસી

## કુવાડવા રોડ પોલીસ મથકે ગુનો નોંધાયો દરેડના ભાવેશ મોરીની ધરપકડ ભાણવડ, જામનગરના ૪ શખ્સના નામ ખુલ્યા



**રાજકોટ પોલીસ કમીશનર દ્વારા કુવાડવા પોલીસ સ્ટેશનના પીઆઇ તેમજ ડી સ્ટાફ સહિતના કર્મીઓ પર શું પગલા લેવામાં આવશે તેના પર સૌની નજર...**

રાજકોટ,તા.૨૭

રાજકોટની ભાગોળે થી વધુ એક વખત સ્ટેટ મોનીટરીંગ સેલે દારૂનો મોટો જથ્થો ઝડપી લીધો છે. રાજકોટ-અમદાવાદ હાઈવે પર હોર્ન ઓકે હોટલ પાસે વોચ ગોઠવી દારૂની ૧૨૫૯૮ બોટલ ભરેલો ટ્રક પકડી પાડયો હતો. ચાલકની ધરપકડ કરી હતી.

કુવાડવા રોડ પોલીસ મથકે ગુનો નોંધવામાં આવ્યો હતો.પોલીસ સૂત્રોની માહિતી અનુસાર, સ્ટેટ મોનીટરીંગ સેલની કંડક કાર્યવાહીથી ગુજરાતભરમાં ગુનેગારો થરથર ધ્રુજે છે. ત્યારે ડીજીપી વિકાસ સહાયની સૂચનાથી સ્ટેટ મોનીટરીંગ સેલના ડીઆઈજી નિર્લિપ્ત રાય, ડીવાયએસપી કે.ટી.કામરીયાના માર્ગદર્શન હેઠળ એસએમસીના પૌલીસ અધિકારીઓ રાજયના વિવિધ ભાગોમાં એકિટવ હોય છે.

ત્યારે આજે એસએમસીના પીએસઆઈ એ.વી. પટેલની ટીમ રાજકોટ વિસ્તારમાં વોચમાં હતી ત્યારે બાતમી મળતા અમદાવાદ હાઈવે પર હોર્ન ઓકે હોટલ, માલીયાસણ ગામ નજીક વોચ ગોઠવી હતી. અને દારૂ ભરેલ ટ્રક ઝડપી લીધો હતો. જેમાં ચાલક આરોપી ભાવેશ નાથા મોરી (રહે.દરેડ ગામ, જામનગર)ની ધરપકડ કરાઈ હતી.તેની પુછપરછમાં માહિતી મળી હતી કે દારૂ પંજાબથી ભરી પોરબંદર લઈ જવાનો હતો.

જેમાં હેરફેરમાં સામેલ આરૌપીઓના નામ આપતા કુવાડવા રોડ પોલીસ મથકે પકડાયેલ આરોપી, દારૂનો ધંધો કરનાર અરજણ આલા કોડીયાતર (રહે.ભાણવડ) બધા જોરા શામળા (રહે.રાજપરા, તા.ભાણવડ) દારૂના ધંધાનો હિસાબ રાખનાર ભરત ઉર્ફે જીગો સુમા કોડીયાતર (રહે.દરેડ જામનગર) ટ્રક માલિકે જે દારૂ ભરવા સાથે ગયેલો તે નાથા બીજલ સવઢારીયા(રહે.મોખાણા,તા.ભાણવડ અને પંજાબથી દારૂ ભરી આપનાર અજાણ્યા શખ્સ એમ ૬ લોકો સામે ગુનો દાખલ કરાયો હતો અને અન્ય આરોપીની શોધખોળ હાથ ધરાઈ હતી.

**કુવાડવા પોલીસ સ્ટેશનના પીઆઇની કામગીરી ખુલી પડી ગઇ હોવાની ચર્ચાઃ હજુ આવા કેટલાંક ગેરકાયદે ધંધા તે વિસ્તારમાં ચાલે છે પદાર્ફાશ થવો જરૂરી**

**સ્ટેટ મોનીટરીંગ સેલના ડીઆઈજી નિર્લિપ્ત રાય, ડીવાયએસપી કે.ટી.કામરીયાના માર્ગદર્શન હેઠળ દરોડા પડાયાઃ પોલીસ સ્ટેશનના કર્મીઓ પર કડક કાર્યવાહી થવી જરૂરી**

### અનેકવિધ સેવાકાર્યોના આયોજન થકી

# ધારાસભ્ય ઉદય કાનગડએ પોતાના જન્મદિવસે પ્રસરાવી માનવતાની મહેક

રાજકોટઃ શહેર ભાજપ મહામંત્રી અશ્વિન મોલીયા, પૂર્વ ડેપ્યુટી મેયર વલ્લભભાઈ દુધાત્રા અને ધારાસભ્ય ઉદય કાનગડના પી.એ. મનસુખભાઈ પીપળીયાની એક સંયુક્ત અખબારી યાદીમાં જણાવાયું હતું કે માનવીનું હૃદય ભલે સાઈઝમાં નાનુ હોય પરંતુ તેમાં રહેલી લાગણી અને સંવેદનાઓ દરીયાથી પણ વધારે મોટી હોય છે, ત્યારે કોઈપણ વ્યકિત કોઈના કોઈ અવસરના માધ્યમથી પોતાના પરિવાર માટે જ નહી પરંતુ સમાજના જરૂરીયાતમંદ લોકો માટે પણ કંઈ કરી છુટવાની ઉમદા ભાવના ધરાવે ત્યારે સમાજમાં સેવારૂપી સુહાસ પ્રસરે છે ત્યારે ૬૮ - રાજકોટના સેવાકીય ક્ષેત્રે સતત સક્રિય ધારાસભ્ય ઉદય કાનગડ કે જેણે પોતાના સેવાકાર્યો થકી જનતાના હૃદયમાં મુઠ્ઠી ઉંચેરૂ સ્થાન પ્રાપ્ત કરી અમિટ લોકચાહના પ્રાપ્ત કરી છે તેઓએ પોતાના જન્મદિવસની ઉજવણી નિમિતે અનેકવિધ




સેવાકાર્યોના આયોજન થકી માનવતાની મહેક પ્રસરાવી સેવાની સરવાણી વહેવડાવી હતી. ધારાસભ્ય ઉદય કાનગડ દ્વારા પોતાના જન્મદિવસની ઉજવણી વિવિધ સેવાપ્રકલ્પોના માધ્યમથી કરવામાં આવી હતી. જેમાં શ્રી રણછોડદાસજી બાપુ ચેરિટેબલ હોસ્પિટલ, શ્રી સદગુરૂ આશ્રમ માર્ગ, કુવાડવા રોડ ખાતે નેત્રયજ્ઞમાં અંત્યાધુનિક સાધન ફેકોમશીન દ્વારા આંખના મોતીયાના ઓપરેશન ફ્રી (નેત્રમણી) કરવામાં આવ્યા હતા, આ કેમ્પમાં અંદાજે ૫૦૦થી વધુ જરૂરીયાતમંદોએ લાભ લીધો હતો.આ નેત્રયજ્ઞના પ્રારંભે ઉદય કાનગડએ શ્રી રણછોડદાસજી બાપુને શીશ ઝુકાવી આશિર્વાદ ગ્રહણ કર્યા હતા, ત્યારબાદ દીપ પ્રાગટ્ય કરી નેત્રયજ્ઞનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.આ તકે મેયર નયનાબેન પેઢડીયા, પૂર્વ ડે.મેયર વલ્લભભાઈ દુધાત્રા, પૂર્વ શહેર ભાજપ મહામંત્રી કિશોરભાઈ રાઠોડ, વોર્ડના કોર્પોરેટરશ્રીઓ, વોર્ડ પ્રમુખ,પ્રભારી, મહામંત્રીઓ, મોરચાના પ્રમુખ, મહામંત્રીઓ તેમજ પાર્ટીના વિવિધ શ્રેણીના કાર્યકર્તાઓ, ઉપલા કાંઠાના વિવિધ સંસ્થા, એસોસીએશનના અગ્રણીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા. આ તકે ધારાસભ્ય ઉદય કાનગડનું ઉપસ્થિત આગેવાનો દ્વારા શાલ ઓઢાડી શીલ્ડથી સન્માન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત શહેર ભાજપ કિશાન મોરચા દ્વારા ઝુંપડપટ્ટીના બાળકોને બિસ્કીટ અને વેફર્સનું વિતરણ, બક્ષીપંચ મોરચા દ્વારા એકરંગ સંસ્થાના મનોદિવ્યાંગ બાળકોને ભોજન, મહિલા મોરચા દ્વારા આંગણવાડીના બાળકોને બિસ્કીટ, વેફર્સ, ચોકલેટ વિતરણ તેમજ યુવા મોરચા દ્વારા હિના ફાઉન્ડેશનમાં દિવ્યાંગ અને અનાથ બાળકોને ભોજન કરાવવામાં આવેલ હતું.

## પુતળીબા ઉદ્યોગ મંદિરના સ્થાપના દિન અંતર્ગત સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન

રાજકોટઃ રાષ્ટ્રીયશાળામાં ગાંધીજીએ કરેલ ઉપવાસ કાર્યક્રમનાં સમયગાળા દરમિયાન રાજકોટનાં અનેક બહેનો પણ મહાત્મા ગાંધીનાં આ સત્યાગ્રહમાં જોડાયેલાં. સેવા કરતા આ બહેનોનો વિકાસ અને પ્રગતિ થાય ગાંધી વિચારોને વેગ મળે તે હેતુથી, ગાંધી વિચારોને વરેલા એવાં પુષ્પાબહેન મહેતા, જયાબહેન શાહ, સુશીલાબહેન શેઠ, હિરાબહેન શેઠ તેમજ ઢેબરભાઈ સાથે મળી 'સર્વ સેવા સંઘ' નામે સંસ્થા સ્થાપેલ. આ સંસ્થા ૧૯૫૦માં "શ્રી પુતળીબા ઉદ્યોગ મંદિર" બની. શ્રી પુતળીબા ઉદ્યોગ મંદિરના સ્થાપના દિન અંતર્ગત સાંસ્કૃતિક કાર્યક્રમ યોજવામાં આવેલ છે. તો આપને આ પ્રસંગે ઉપસ્થિત રહેવા અમારું ભાવભર્યું નિમંત્રણ છે. તા.૨૮/૦૧/૨૦૨૫ (મંગળવાર) બપોરે ૪:૩૦ કલાકે, સ્થળ શ્રી પુતળીબા ઉદ્યોગ મંદિર ભક્તિનગર સર્કલ પાસે, ગીતા મંદિર સામે, રાજકોટ

## મોરબીમાં દારૂના અડ્ડા પર SMCના દરોડા

### ગોડાઉનમાંથી ૭૬.૩૯ લાખની ૧૭,૫૧૪ દારૂની બોટલ સહિત ૧.૧૧ કરોડનો મુદ્દામાલ કબજે, ૪ની ધરપકડ



મોરબી નજીકના શનાળા ગામમાં એસએમસી () ટીમે મોટી કાર્યવાહી કરતા આનંદ પાર્ટી પ્લોટની પાછળ આવેલા ભૂમિ ગોડાઉનમાંથી ૧.૧૧ કરોડથી વધુનો મુદ્દામાલ ઝડપી પાડ્યો છે. આ કાર્યવાહી દરમિયાન પોલીસે ૧૭,૫૧૪ દારૂની બોટલ કબજે કરી છે, જેની કિંમત ૭૬.૩૯ લાખ રૂપિયા છે.


પીએસઆઈ એ.વી.પટેલની આગેવાની હેઠળ કરવામાં આવેલી આ રેડમાં ત્રણ વાહનો (કિંમત ૩૫.૩૦ લાખ), ચાર મોબાઈલ ફોન (કિંમત ૨૦,૦૦૦) અને રોકડ રકમ ૫,૧૨૦ રૂપિયા પણ જપ્ત કરવામાં આવ્યા છે. સ્થળ પરથી રાજસ્થાનના ચાર આરોપી - મુકેશ મહેન્દ્રકુમાર સિયાક, જસવંતસિંહ રામચંદ ગોદારા, દિનેશ પ્રેમારામ ગુરુ અને પ્રવિણ ભગીરથરામ વરદની ધરપકડ કરવામાં આવી છે. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે, દારૂના આ રેકેટનો મુખ્ય સૂત્રધાર અશોક પુનારામ પુવાર (રહે. સાંગરવા સાંચોર, રાજસ્થાન) છે. આ ઉપરાંત ગોડાઉન ભાડે રાખનાર કમલેશ હનુમાનરામ રામ (રહે. અડાસર બિકાનેર), મહેશ ચૌધરી (રહે. હાથી કા ઉંચી બાડમેર) સહિત કુલ સાત આરોપીની શોધખોળ ચાલુ છે. મોરબી એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં કુલ ૧૧ શખ્સ વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો છે.

# રાજકોટ જિલ્લામાં પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના હેઠળ ગરીબોને મળતું રાશન

### રાજકોટ જિલ્લામાં ૧૩.૨૯ લાખ લાભાર્થીઓને ૨૫ થી ૨૯ હજાર મે.ટન ઘઉં-ચોખાનું વિનામૂલ્યે વિતરણ

### એપ્રિલથી ડિસે.-૨૪ દરમિયાન થયેલું વિતરણઃ વ્યાજબી ભાવે તુવેરદાળ, ખાંડ, મીઠું તેલ પણ અપાયું

રાજકોટઃ રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા-૨૦૧૩ હેઠળ પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના અંતર્ગત અંત્યોદય રેશનકાર્ડ ધરાવતા કુટુંબો તેમજ અગ્રતા ધરાવતા કુટુંબોને ઘઉં-ચોખા તેમજ બાજરીનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવે છે. જે અંતર્ગત રાજકોટ જિલ્લામાં ૧૩.૨૯ લાખ જેટલા લાભાર્થીઓને એપ્રિલથી ડિસેમ્બર ૨૦૨૪ દરમિયાન ૨૫,૪૧૩ મેટ્રીક ટન ઘઉં, ૨૯,૦૨૪ મેટ્રીક ટન ચોખા તથા ૨૭૯૭ મેટ્રીક ટન બાજરીનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું છે.રાજકોટ જિલ્લા પૂરવઠા




અધિકારીની કચેરી તરફથી મળતી માહિતી મુજબ, આ સમયગાળામાં રાજકોટ જિલ્લામાં લાભાર્થીઓને નવ માસના ગાળામાં ૯૦૨ મેટ્રીક તુવેરદાળ વ્યાજબી ભાવે વિતરણ કરવામાં આવી છે. જ્યારે ૧૨૪૪ મેટ્રીક ટન ખાંડ તેમજ ૧૧૬૨ મેટ્રીક ટન નમક તેમજ તહેવારો દરમિયાન ૫,૯૮,૮૭૩ લીટર તેલ વ્યાજબી ભાવે વિતરણ કરવામાં આવ્યું છે.

મહત્ત્વનું છે કે, રાજકોટ જિલ્લામાં કુલ મળીને ૭૧૩ જેટલી વ્યાજબી ભાવની દુકાનો છે, તેમાં ૩,૨૬,૧૩૫ રેશનકાર્ડ અને કુલ ૧૩,૨૯,૪૬૦ વસતીનો સમાવેશ થાય છે. બહાર ગામ કે બીજા પ્રાંત-રાજ્યમાં રહેતા રેશનકાર્ડધારકો હવે પોતાની નજીકની રેશનીંગની દુકાનેથી રાશનનો જથ્થો મેળવી શકે છે. આ માટે વન નેશન વન રેશનકાર્ડ યોજના લાગુ કરવામાં આવેલી છે. આ યોજના હેઠળ જિલ્લામાં અન્ય વિસ્તારના ૨૩,૭૨૯ લાભાર્થીઓને આ યોજના હેઠળ અનાજ વિતરણ કરવામાં છે.

### મહાપાલિકાના પ્રાંગણમાં પ્રજાસત્તાક પર્વની ઉજવણી પર મેયર નયનાબેનની જાહેરાતઃ શહેરી પરિવહન સેવા વધુ લોકભોગ્ય બનાવવા તંત્રના પ્રયાસો

# ગોંડલ ચોકડીથી શાપરની સીટી બસ શરૂઃ સીટી બસના લોકેશન સાથેની એપ લોન્ચ









### અપડાઉન કરતા ૨૫ હજાર લોકોને રોજ લાભઃ મોબાઈલમાં જ ટીકીટ બુકીંગ સહિતની સુવિધા મળશેઃ દર રવિવારે ત્રિકોણબાગ, કોઠારીયા સહિત પાંચ ચોકમાંથી અટલ સરોવરે બસ દોડશે

રાજકોટ, તા. ૨૭

મહાપાલિકા દ્વારા ગઈકાલે પ્રજાસત્તાક પર્વની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે મેયર શ્રીમતી નયનાબેન પેઢડીયાએ સીટી બસ સેવા લોકોને વધુ ઉપયોગી થાય તે માટે બસની મોબાઇલ એપ્લીકેશનનું લોન્ચીંગ કર્યુ હતું. તો ગોંડલ ચોકડીથી શાપર-વેરાવળનો ટ્રાફિક જોતા નિયમિત અપડાઉન કરતા મુસાફરો માટે ચોકડીથી શાપરની બસ સેવા શરૂ કરવા જાહેરાત કરી છે.

હાલ કુલ ૭૨ રૂટ પર ૧૦૦ સીએનજી તથા ૯૯ ઈલે. એમ કુલ ૧૯૯ બસ દ્વારા પરિવહન સેવા પુરી પાડવામાં આવી રહેલ છે. ગઈકાલે મોબાઈલ એપ્લીકેશન સેવા, રવિવારના રોજ અટલ સરોવર સુધી સ્પેશિયલ સિટી બસ સેવા અને ગોંડલ ચોકથી શાપર વેરાવળ શટલ સિટી બસ સેવા શરૂ કરવામાં આવી છે તેમ મેયર, ડે. મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટે.ચેરમેન જયમીન ઠાકર, કમિશનર તુષાર સુમેરા, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ અને દંડક મનીષભાઈ રાડીયાએ જણાવ્યું હતું.

રાજકોટથી દૈનિક અંદાજીત ૨૫,૦૦૦ થી વધુ મધ્યમ, કામદાર વર્ગ લોકો શાપર-વેરાવળ બાજુ અપ ડાઉન કરે છે. જેને ધ્યાને લેતા દર ૧૫ મીનીટના અંતરે સિટી બસ સેવામાં ગોંડલ ચોક થી શાપર વેરાવળ શટલ રૂટ ચાલુ કરવામાં આવેલ છે. જે સવારના ૬૩૦ કલાક થી રાત્રીના ૮૩૦ કલાક સુધી બસ સેવા મળી રહેશે. ઉપરાંત દર રવિવારે ત્રિકોણબાગ, ગોંડલ રોડ, આજી ડેમ, ગ્રીનલેન્ડ ચોક, કોઠારીયા ગામથી સવારે ૧૧ થી રાત્રે ૧૧ સુધી ખાસ અટલ સરોવર સુધી સીટી બસ દોડાવવામાં આવશે.

મહાનગરપાલિકા દ્વારા ગઈકાલે ૭૬માં પ્રજાસત્તાક પર્વની ઉજવણી અંતર્ગત સેન્ટ્રલ ઝોન કચેરી, ડો.આંબેડકર ભવન, ઢેબરભાઈ રોડ ખાતે મેયર શ્રીમતી નયનાબેન પેઢડીયાએ કચેરીના પ્રટાંગણમાં ત્રિરંગો લહેરાવી, ધ્વજવંદન કરીરાષ્ટ્રધ્વજને સલામી અર્પણ કરી હતી. ત્યારબાદ ઉપસ્થિત મહાનુભાવો તથા અધિકારીઓ અને કર્મચારીઓ અને સામુહિક રાષ્ટ્રગીતનું ગાન કર્યુ હતું.આ અવસરે મેયરે શહેરીજનોને પ્રજાસત્તાક પર્વની શુભેચ્છા પાઠવતા જણાવેલ કે, લોકતાંત્રિક શાસન પ્રણાલીના પરિણામે આજે ભારત દેશ વિશ્વભરમાં આદરપૂર્ણ ઉચ્ચ સ્થાન હાંસલ કરી શક્યો છે. ડબલ એન્જીનની સરકાર દ્વારા દરરોજ દેશમાં અનેકવિધ વિકાસલક્ષી પ્રોજેક્ટ્સના દરરોજ લોકાર્પણ અને ખાતમુહૂર્ત થઈ રહ્યા છે, ભારત હવે ન્યુ ઈન્ડિયા બની રહ્યું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલએ રૂ.૭૯૩.૪૫ કરોડના વિકાસ પ્રકલ્પોના લોકાર્પણ ખાતમુહૂર્ત કાર્યક્રમમાં રાજકોટ શહેરને પણ સુરત શહેરની માફક આર્થિક હબ તરીકે વિકસાવવાની જાહેરાત કરેલ છે. રાજકોટમાં એરપોર્ટ, રીંગ રોડ, સ્માર્ટ સીટી, આવાસ, લાયન સફારી પાર્ક, ડીઆઇ પાઈપલાઈન, મવડીમાં ઈન્ડોર સ્ટેડીયમ સહિતના કામ થયા છે અને થઈ રહ્યા છે.

મેયરે એક જાહેરાત કરતા જણાવ્યું હતું કે, મનપા દ્વારા શહેરી બસ સેવાની સુવિધામાં વધારો કરવા તૈયાર કરવામાં આવેલ મોબાઈલ એપ્લીકેશનનું લોન્ચીંગ કરવામાં આવે છે. આ એપ્લીકેશનની મદદથી મુસાફરને બસના રૂટ, સમયપત્રક, બસનું લાઈવ લોકેશન, પીરીયોડીક પાસ, ઓનલાઇન બુકિંગ, જે-તે લોકેશન પર ઊભા હોય ત્યાં આવન-જાવન થતી બસની વિગતો સરળતાથી આંગળીના ટેરવે ઉપલબ્ધ થશે.શહેરી બસ સેવાની સુવિધામાં વધારો કરવા, શહેરના ત્રિકોણબાગ, ગોંડલ ચોકડી, આજી ડેમ ચોકડી, ગ્રીનલેન્ડ ચોકડી તથા કોઠારીયા ગામથી અટલ સરોવર જવા વિશેષ બસ સેવા શરૂ કરવામાં આવી છે. આ બસ ફક્ત દર રવિવારના રોજ સવારે ૧૧ થી રાત્રે ૧૧ સુધી કાર્યરત રહેશે.

શહેરી બસ સેવામાં, ગોંડલ ચોકડીથી શાપર(વેરાવળ) સુધી નિયમિત અપડાઉન કરતાં મુસાફરોની સુવિધામાં વધારો કરવા, ગોંડલ ચોકડીથી શાપર(વેરાવળ) સુધી જવા આવવા માટે, બી.આર.ટી.એસ. સ્ટોપ ગોંડલ ચોકડીથી દર ૧૫-૨૦ મિનિટના અંતરે વિશેષ બસ સેવા શરૂ કરવામાં આવે છે. આ બસ સેવાથી અંદાજિત ૨૫,૦૦૦થી વધુ મુસાફરોને લાભ થશે.

મેયરે હું શહેરની સ્વચ્છતા અને સુંદરતાની બાબત પર પણ વિશેષ ભાર મુકતા કહ્યું હતું કે, ગાંધીજીના સંદેશને સાર્થક કરવા માટે તેમજ આપણું શહેર સ્વચ્છ શહેર બને તે માટે મહાનગરપાલિકાના પ્રયાસને સફળ બનાવવા સૌ નગરજનો પણ દેશના પોતાનું નાગરિક તરીકેનું કર્તવ્ય નિભાવી, સાથ સહકાર આપે તે ખુબ જ આવશ્યક છે. પ્રજાસતાક પર્વ પ્રસંગે, મનપાના વિવિધ વિકાસ કામો, કાર્યક્રમો દર્શાવતું માહિતી સભર કેલેન્ડરનું મેયર સહિતના મહાનુભાવોના હસ્તે વિમોચન કરવામાં આવ્યું હતું. સમગ્ર કામગીરી કરનાર પરેશભાઈ પરમાર, પ્રેમિલાબેન ડુંગરશી, મહેશભાઈ ધરણીયા, લીલાબેન પરમાર, જગદીશભાઈ મકવાણા અને રેખાબેન સોલંકીનું મેયર સહિતના ઉપસ્થિત મહાનુભાવો દ્વારા શાલ ઓઢાડી તેમજ પ્રમાણપત્ર આપી સન્માન કરાયું હતું.

આ પ્રસંગે ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહ, ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, ડે.મેયર નરેન્દ્રસિંહ જાડેજા, કમિશ્નર તુષાર સુમેરા, શાસક નેતા લીલુબેન જાદવ, દંડક મનીષ રાડીયા, સુરેન્દ્રસિંહ વાળા, વિક્રમભાઈ પુજારા, ડો.પ્રદીપ ડવ, કંચનબેન સિધ્ધપુરા, વિનુભાઈ ઘવા, દિલીપભાઈ લુણાગરીયા, રવજીભાઈ મકવાણા, અશ્વિનભાઈ પાંભર, નીતિનભાઈ રામાણી, ડો.અલ્પેશ મોરઝરીયા, પરેશ આર. પીપળીયા, જીતુભાઈ કાટોળીયા, ભારતીબેન મકવાણા, મહેશ પરમાર, ડે.કમિશ્નર મહેશ જાની, ચેતન નંદાણી, હર્ષદ પટેલ, જુદા જુદા વિભાગના અધિકારીઓ, કર્મચારીઓ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# સૌરાષ્ટ્રની મોટાભાગની ન.પા.ની કંગાળ હાલતઃ વીજબિલ ભરવાના ફાંફા, ૬૪ પાલિકાની અધધધ રૂ. ૩૯૫ કરોડની રકમ બાકી

## અધિકારીએ કહ્યું– અમે સંપૂર્ણ વીજ કનેકશન કાપી શકતા નથી

રાજકોટઃ ગુજરાત રાજયની મોટાભાગની નગરપાલિકા કંગાળ બની છે અને જેમાં સ્ટ્રીટ લાઈટ તેમજ વોટર વર્કસ વિભાગની બાકી રહેતી કરોડોની રકમના વીજબીલ માંગવામાં આવતા કોઈ પ્રતિઉત્તર ન મળતા આખરે મજબૂર બની વીજ જોડાણ રદ કરવાની સ્થિતિ સર્જાતી હોય છે. તો કેટલીક જગ્યાએ સ્ટ્રીટ લાઈટ જોડાણ પણ PGVCL દ્વારા રદ કરવામાં આવે છે. ઉલ્લેખનીય છે કે સૌરાષ્ટ્ર કચ્છની કુલ ૬૭ નગરપાલિકા પૈકી માત્ર ૩ નગરપાલિકા એવી છે કે જેનું એક પણ વીજ બિલ બાકી નથી જેમાં જામજોધપુર, ધોરાજી અને વાંકાનેરનો સમાવેશ થાય છે જયારે બાકીની ૬૪ નગરપાલિકા એવી છે કે જેની પાસેથી PGVCLને કુલ રૂ.૩૯૫ કરોડના વીજ



બિલ ૩૧.૧૨.૨૦૨૪ સુધીના લેવાના બાકી બોલે છે.

ગુજરાતમાં મોટાભાગની નગરપાલિકાઓમાં ભાજપનું જ શાસન છે ત્યારે ભાજપ શાસિત નગરપાલિકાઓ પણ સરકારને દેણામાં મૂકી રહી છે અને બાકી બીલો ભરવામાં ગલા તલા કરી રહી છે. સૌરાષ્ટ્ર કચ્છ વિસ્તારમાં PGVCL અંતર્ગત આવતી નગરપાલિકાઓમાં કેટલી નગરપાલિકા કંગાળ બની વીજ બિલ નથી ભર્યા તેની માહિતી મેળવી જેમાં ચોંકાવનારી વિગત સામે આવી છે. સૌરાષ્ટ્ર કચ્છની ૬૭ પૈકી જામજોધપુર, ધોરાજી અને વાંકાનેર નગરપાલિકાને બાદ કરતા તમામ નગરપાલિકાના બિલ ભરપાઈ કરવાના બાકી બોલે છે. અને બાકીની ૬૪ નગરપાલિકા એવી છે કે જેની પાસેથી PGVCLને કુલ ૩૯૫ કરોડના વીજ બિલ લેવાના બાકી છે.

પીજીવીસીએલના ફાઈનાન્સ વિભાગ જણાવ્યું હતું કે, સૌરાષ્ટ્ર-કચ્છની ૬૭ પાલિકા પૈકી ૬૪ પાલિકાના કુલ ૩૯૫ કરોડ રૂપિયાના વીજબીલ બાકી છે. બાકીના ગ્રાહકોમાં વીજબીલ બાકી મામલે સખ્તાઈ રાખવામાં આવે છે એટલી સખ્તાઈ અમે અહીંયા કરી શકતા નથી. આ રકમ ભરપાઈ કરવા માટે વીજકંપની દ્વારા તમામને નોટિસ ફટકારવામાં આવી છે. અમે સંપૂર્ણ વીજ કનેક્શન કાપી નથી શકતા પણ કેટલીક વખત પાલિકા દ્વારા ભરપાઈ કરવામાં નહીં આવે તો આવતા દિવસોમાં સ્ટ્રીટ લાઇટ કનેક્શન કટ પણ કરવામાં આવતા હોય છે.

વધુમાં તેમને જણાવ્યું હતું જાજી બિલની બાકી રકમ થાય તો પછી ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડ દ્વારા આ રકમ ચૂકવી દેવામાં આવતી હોય છે. બે વર્ષ પૂર્વે ૩૦૦ કરોડ જેટલી રકમ મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડ દ્વારા અમને ચુકવવામાં આવી હતી. આ સમયે ૧૫૦ કરોડ રકમ વ્યાજની થતી હતી જે અમે માફ કરી હતી આમ કુલ ૪૫૦ કરોડ પૈકીની ૩૦૦ કરોડની રકમ મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડ દ્વારા ચૂકવી દેવામાં આવી હતી. એટલું જ નહિ બાકી બિલ ચૂકવવા માટે મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડ દ્વારા પાલિકાને ઝીરો ટકા વ્યાજથી લોન આપવામાં આવે છે જે માટે પણ અમે પૂરતો સહયોગ કરી લોન માટે જરૂરી મદદ PGVCL દ્વારા કરવામાં આવે છે. બીજી તરફ સૌથી વધુ જે પાલિકાનું સૌથી વધુ વીજબીલ બાકી છે તેવી સાવરકુંડલા પાલિકા સાથે PGVCL ની બેઠક મળી હતી અને પદાધિકારીઓ સાથે ચર્ચા કરી ગુજરાત મ્યુનિસિપલ ફાયનનાસ બોર્ડની ઝીરો ટકા વ્યાજની લોન તેમજ જો પાલિકા પાસે કોઈ જગ્યા હોય તો તેમાં સોલાર પાવર પેનલ ઈન્સ્ટોલેશન કરાવવા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

# કલેક્ટર પ્રભવ જોશીના અધ્યક્ષ સ્થાને જિલ્લા આરોગ્ય સંકલન સમિતિની બેઠક યોજાઈ

## દિવ્યાંગો માટેના સાધન સહાય કેમ્પમા ઉમદા કામગીરી કરનાર ડોક્ટર્સને પ્રમાણપત્ર એનાયત કરાયા

રાજકોટઃ કલેકટરશ્રી પ્રભવ જોશીના અધ્યક્ષસ્થાને કલેકટર કચેરી ખાતે જિલ્લા આરોગ્ય સંકલન સમિતિ તેમજ જિલ્લા આરોગ્ય સોસાયટી ગવર્નિંગ બોડીની બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં કલેકટરશ્રીએ રાજકોટ જિલ્લામાં ટી.બી. મુક્ત ભારત અભિયાન અંતર્ગત થયેલ કામગીરીની સમીક્ષા કરી હતી. ઉપરાંત રાજકોટ જિલ્લાના દિવ્યાંગ લોકોને સાધન સહાય વિતરણ અંગે એલિમ્કો દ્વારા કરાયેલ એસેસમેન્ટ કેમ્પ અન્વયે ઉમદા કામગીરી કરનાર સીડીએચઓ સહિત આરોગ્ય વિભાગના ૨૫ ડોક્ટર્સ,



અધિક્ષકોને પ્રમાણપત્ર એનાયત કરી ભવિષ્યમાં પણ આવી જ રીતે સરાહનીય કામગીરી કરતા રહોવાની શુભેચ્છા પાઠવી હતી.

ઉપરાંત જિલ્લામાં આરોગ્ય કેન્દ્રના બાંધકામ માટેના જમીનના પ્રશ્નોના નિવારણ તેમજ દવાઓ, વાહન સહિતની બાબતે સમીક્ષા કરી જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. કલેકટરશ્રીએ પીડીયુ હોસ્પિટલમા કેમેરા, જરૂરી મશીનરી અંગે સમીક્ષા કરી હતી. આ બેઠકમાં ઈન્ચાર્જ જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ ઋતુજન્ય રોગો અંગે થયેલ કામગીરીની માહિતી મેળવી જરૂરી માર્ગદર્શન આપ્યુ હતુ.



આરોગ્ય કેન્દ્રમાં આવતા 30 વર્ષથી વધુ ઉંમરના લોકોનું બ્લડપ્રેશર, ડાયાબિટીસ ચેક કરવા તેમજ ૭૦ વર્ષથી વધુ વયના નાગરિકોના આયુષ્યમાન કાર્ડ, પીએમજેએવાય અને આભા કાર્ડ કઢાવવામાં મદદરૂપ થવા તાલુકા હેલ્થ ઓફિસર તેમજ ડોક્ટર્સને ક્યુએમઓ ડૉ.સિંગે સુચન કર્યુ હતુ. આ બેઠકમાં આર.ડી.ડી. ડૉ. મહેતા, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી કુલમાલી, જિલ્લા આર.સી.એચ ઓફિસર શ્રી જોશી, સિવિલ હોસ્પિટલના ડોક્ટર્સ સહિત તાલુકા હેલ્થ ઓફિસરો અને મેડિકલ ઓફિસરો ઉપસ્થિત રહ્યા હતા.

# શિક્ષણ સમિતિની શાળાઓમાં સૂર્યોદય પહેલા ધ્વજવંદન? અપમાન

## કોંગ્રેસે ૭ વાગ્યાના સમય સાથેની પત્રિકા જાહેર કરી બંધારણના ભંગ બદલ કોર્ટમાં જવા વશરામભાઈની ચિમકી

રાજકોટ, તા. ૨૭

ગઈકાલે કોર્પો.ની શિક્ષણ સમિતિની શાળાઓમાં સૂર્યોદય પહેલા ધ્વજવંદન કરાવીને ભાજપ શાસકોએ બંધારણના નિયમોનો ભંગ કર્યાનો આક્ષેપ કોંગ્રેસે કર્યો છે. તો કોર્ટમાં જવા પણ ચિમકી આપી છે.

વિપક્ષી નેતા વશરામભાઇ સાગઠીયાએ એક નિવેદનમાં જણાવ્યું છે કે, ભાજપ આરએસએસના ઈશારે ભારતીય બંધારણને ખતમ કરવાના ઈરાદે નીકળી હોય તેવુ લાગે છે. ગઈકાલે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ દરેક સ્કૂલમા સવારે ૭ કલાકે ધ્વજવંદન કરવા માટેની આમંત્રણ પત્રિકાનું વિતરણ કરાયું હતું.

સમગ્ર રાજકોટમાં સુર્યોદય પહેલા ધ્વજવંદન શિક્ષણ સમિતિની સ્કૂલોમા કરવામાં આવ્યું



જે બંધારણની કલમોની વિરૂધ્ધ છે. સૂર્ય ઉદય પહેલા અને સૂર્યાસ્ત પછી ધ્વજવંદન કરવું તે ગુનો છે. આ માટે કોર્ટમાં જવા પુરાવા સાથે કાનુની સલાહ લેવામાં આવશે.

જાન્યુઆરી મહિનામાં સવારે ૭.૨૦ મિનિટ પછી જ સૂર્યોદય થાય છે. પરંતુ ભાજપ પોતાના કાર્યાલયે સવારે ૮ કલાકે ધ્વજવંદનનો કાર્યક્રમ યોજાયો હતો ત્યાં બધા કાર્યકરો આવે તેના માટે સવારે ૭ કલાકનો સ્કૂલનો કાર્યક્રમ ગોઠવાયો હતો જે બંધારણ વિરૂધ્ધ હતો તેમ વશરામભાઈએ જણાવ્યું હતું.

# સારંગપુર સ્થિત પ્રમુખ સ્મૃતિમંદિરના દ્વિતીય પાટોત્સવ નિમિત્તે યોજાયો ગુરુહરિ પ્રસન્નતા વૈદિક મહાયાગ

## સંસ્કૃત બ્રાહ્મણો દ્વારા ૮૫ યજ્ઞકુંડોમાં ૬૮૦ યજમાનોની ૧ લાખથી વધુ આહુતિઓ અર્પણ કરી ભારત તથા સમગ્ર વિશ્વમાં શાંતિ માટે પ્રાર્થના કરવામાં આવી







રાજકોટઃ વિશ્વવંદનીય પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ સ્મૃતિમંદિરના દ્વિતીય વર્ષપૂર્તિ મહોત્સવ નિમિત્તે સારંગપુરમાં તારીખ ૨૬ જાન્યુઆરી, ૨૦૧૫ ના રોજ ગુરુહરિ પ્રસન્નતા મહાયાગનું આયોજન થયું હતું, જેનો આરંભ અક્ષરપુરુષોત્તમ મહારાજની પાલખીયાત્રા તથા દીપ પ્રાગટ્ય દ્વારા કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે સારંગપુર મંદિરના કોઠારી સંત પૂજ્ય જ્ઞાનેશ્વર સ્વામી, પૂજ્ય નારાયણમુનિ સ્વામી, પૂજ્ય ઘનશ્યામપ્રસાદ સ્વામી, પૂજ્ય નિર્માનજીવન સ્વામી, પૂજ્ય ભક્તિસાગર સ્વામી વગેરે વરિષ્ઠ સંતો પણ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે સારંગપુર મંદિરના કોઠારી સંત પૂજ્ય જ્ઞાનેશ્વર સ્વામીએ પ્રાસંગાનુરૂપ આશીર્વચન પાઠવ્યા હતા. આ યજ્ઞમાં ૮૫ જેટલા યજ્ઞકુંડ ધરાવતી યજ્ઞશાળાનું નિર્માણ કરવામાં આવ્યું હતું, જેમાં ભારતના વિવિધ પ્રાંત ઉપરાંત આફ્રિકા, અમેરિકા, લંડન વગેરે વિદેશના એમ કુલ મળીને ૬૮૦ જેટલાં યજમાન યુગલોએ લાભ લીધો હતો. વૈદિક પ્રણાલિ અનુસાર સંપન્ન થયેલા આ મહાયાગના આરંભે અક્ષરપુરુષોત્તમ મહારાજની ષોડશોપચાર વિધિ કરવામાં આવી. ત્યાર બાદ ગુરુહરિ પરમ પૂજ્ય મહંતસ્વામી મહારાજ દ્વારા લિખિત સત્સંગદીક્ષા ગ્રંથના ૩૧૫ શ્લોકોનું ગાન પારંપરિક શૈલીથી કરવામાં આવ્યું હતું. આ ગાન સાથે સમૂહમાં સ્વાહાનો નાદ ભેળવીને સર્વે યજમાનોએ કુલ મળીને ૧,૦૦,૦૦૦ થી વધુ આહુતિઓ આપી હતી. સારંગપુર સ્થિત સ્વામિનારાયણ સંસ્કૃત મહાવિદ્યાલયના બાહ્મણો દ્વારા આ યજ્ઞ કરાવવામાં આવ્યો હતો. આ સમગ્ર યજ્ઞ દરમિયાન મંદિરના પરિસરમાં સૌ વૈદિક સમયની અનુભૂતિ કરી રહ્યા. આ મહાયજ્ઞમાં પ્રજાસત્તાક દિનની સ્મૃતિ કરી સમગ્ર ભારત દેશ તથા વિશ્વમાં શાંતિ પ્રવર્તે તેવા શુભ સંકલ્પ સાથે પ્રાર્થના પણ કરવામાં આવી હતી. આમ, આ સત્સંગદીક્ષા મહાયજ્ઞ દ્વારા ભક્તિમય ભારતીય યજ્ઞપરંપરાનું પોષણ થયું હતું.

# પ્રજાસત્તાક પર્વે ૧૧૯ બાળકોની ગાંધી મ્યુઝિયમમાં ફ્રી મુલાકાત

## કુલ ૩૨૪ લોકો પ્રજાસત્તાક પર્વે ગાંધી જીવનથી વાકેફ થયા



રાજકોટઃમોહનદાસ ગાંધી વિદ્યાલય (આલ્ફ્રેડ હાઈસ્કુલ)માં પૂજ્ય મહાત્મા ગાંધીજીના જીવનના આદર્શો, જીવનચરિત્રો દર્શાવતું મ્યુઝિયમ બનાવવામાં આવ્યું છે. ગઈકાલે પ્રજાસત્તાક પર્વના દિવસે ૧૨ વર્ષ કે તેનાથી નાની વયના બાળકો માટે નિશુલ્ક પ્રવેશ આપવામાં આવતા ૧૧૯ બાળકોએ નિશુલ્ક પ્રવેશ મેળવ્યો હતો.કુલ ૩૨૪ મુલાકાતીઓએ મહાત્મા ગાંધી મ્યુઝિયમની મુલાકાત લીધી હતી તેમ, મેયર શ્રીમતી નયનાબેન પેઢડીયા, ડે. મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટે.ચેરમેન જયમીન ઠાકર, કમિશનર તુષાર સુમેરા, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ અને દંડક મનીષભાઈ રાડીયાએ જણાવ્યું હતું.

દર વર્ષે ૨૬મી જાન્યુઆરી, 30મી જાન્યુઆરી, ૧૫મી ઓગસ્ટ અને ૨-જી ઓક્ટોબર નિમિતે ૧૨ વર્ષ કે તેથી ઓછી ઉંમરના બાળકો માટે નિશુલ્ક પ્રવેશ આપવામાં આવે છે.

# બેન્ક લોન ચુકવવામાં સમસ્યા આવે છે ? તો ટેન્શન ન લેતા ગ્રાહકોના કેટલાક અધિકારો છે

## બેન્ક સાથે વાટાઘાટોનો ગ્રાહકને અધિકારઃ દુર્વ્યવહાર કરે તો ફરિયાદ પણ થઈ શકે

નવીદિલ્હી,તા.૨૮

આજના સમયમાં, વિવિધ જરૂરિયાતો પૂરી કરવા માટે લોન લેવી ખૂબ જ સામાન્ય બની ગઈ છે. લોન આપતી બેંકો ગ્રાહકોને લોન ચૂકવવા અને વ્યાજ વસૂલવા માટે ચોક્કસ સમય આપે છે. જો કોઈ વ્યક્તિ સમયસર લોન ચૂકવતો નથી, તો આવી સ્થિતિમાં બેંક તેની સામે કાર્યવાહી પણ કરી શકે છે.

પરંતુ, આવી પરિસ્થિતિઓમાં, ગ્રાહકો પાસે કેટલાક અધિકારો પણ છે, જેનો ઉપયોગ કરીને તેઓ ફક્ત પોતાનું અને પોતાના પરિવારનું ગૌરવ જાળવી શકતા નથી, પરંતુ નાણાકીય તણાવથી પણ બચી શકે છે.

જો તમે ખરેખર લોન ચૂકવી શકતા નથી, તો તમે બેંક સાથે વાત કરી શકો છો અને તેમને તમારી સંપૂર્ણ સમસ્યા જણાવી શકો છો. ધ્યાનમાં રાખો કે બેંક સાથેનો તમામ સંદેશાવ્યવહાર પત્ર અથવા ઈમેઈલની જેમ લેખિતમાં હોવો



જોઈએ.

તમે બેંક દ્વારા વસૂલવામાં આવતા દંડ સાથે ચુકવણી કરવા માટે બેંક પાસે વધુ સમય માંગી શકો છો. પરંતુ આ રીતે તમને વધુમાં વધુ ૯૦ દિવસનો સમય મળી શકે છે. આ પછી તમે બેંકને તમારી લોનનું પુનર્ગઠન કરવા માટે કહી શકો છો. આવી સ્થિતિમાં, બેંક તમારા ઘટાડે છે અને કાર્યકાળમાં વધારો કરે છે.

પરંતુ ધ્યાનમાં રાખો કે આ સમયગાળા દરમિયાન, તમારે ચૂકી ગયેલ ચૂકવવા માટે તમારા શ્રેષ્ઠ પ્રયાસો કરતા રહેવું પડશે. લોન ચૂકવવા માટે, તમે તમારા બચત ખાતા, એફડી, મ્યુચ્યુઅલ ફંડમાંથી પૈસા ઉપાડી શકો છો.

આ સાથે તમે તમારા મિત્રોની પણ મદદ લઈ શકો છો. તમને જણાવી દઈએ કે, જો તમે સતત ૧૮૦ દિવસ સુધી ચૂકવતા નથી, તો બેંકને તમારી મિલકત જપ્ત કરવાનો સંપૂર્ણ અધિકાર છે. પરંતુ, જો આવી પરિસ્થિતિ ઊભી થાય, તો તમે બેંક સાથે વાત કરી શકો છો અને તમારી કોઈપણ મિલકત ગીરવે મૂકી શકો છો.

ધ્યાનમાં રાખો કે બેંકો પણ આવી પરિસ્થિતિઓમાં ફસાઈ જવા માંગતી નથી કારણ કે બેંકોએ તેમનો જાળવી રાખવો પડે છે અને જો તમારો ભૂતકાળનો ટ્રેક રેકોર્ડ સારો હોય તો બેંક પણ તમારી સાથે સંકલન કરે છે.

કોઈ પણ બેંક એવા ગ્રાહક સાથે દુર્વ્યવહાર ન કરી શકે જે લોન ચૂકવી ન શકે. જો કોઈ બેંક અધિકારી કે કર્મચારી વસૂલાત માટે તમારી સાથે ગેરવર્તન કરે છે, તો તમે તેની ફરિયાદ કરી શકો છો.

ૐકારા

કર્મ એજ ધર્મ | સનાતન એજ સત્ય | આત્મા એજ પરમાત્મા

સનાતન પુનઃઉત્થાન અને સ્થાપનાના મહાસંકલ્પના ધારક



**પ.પુ. શ્રી ૐ કારા પ્રભુ - ૐ દાદા**

હું સૌનો સૌ અમારા, સૌનું સૌને અર્પણ

**: સ્થાપક :**

**(૧) ૐકારા સંપ્રદાય (૨) ૐદાદા ફાઉન્ડેશન (૩) ૐકારા મહાસંઘ**

આખી રાત આરામ પુર્વક શાંતિથી ઉંઘવા માટે આખો દિવસ ઈમાનદારી સાથે જીવવુ પડે છે!! બેઈમાની ક્યારેય તમને શાંતિ થી સુવા નહીં દે.. નીતિ, ધર્મ સાચવી અને કર્મો પ્રત્યે સજાગ રહી જીવીએ...

1. Facebook.com/omkaraprabhuji
2. Instagram.com/omkaraprabhuji
3. X.com/omkaraprabhuji
4. Youtube.com/@omkaraprabhuji
5. whatsapp.com/channel/0029VaE9O9e2v1Ip5ipCAR3n

ૐ જ છે આસ્થા,
ૐ માં છે વિશ્વાસ ૐમાં
છે શક્તિ, ૐમાં છે
સંસ્કાર ૐ થી જ થાય છે
સારા દિવસની શરૂઆત
બોલો ૐ ૐ ૐ


7 ACRE OF GRANDIOSITY
IN THE HEART OF RAJKOT
SAPPHIRE
Skyline
Magnificent
4 BHK Flats & Penthouses
KALAVID
Project By
JMJ PROJECTS
Dream.Create.Inspire...
JS
GROUP
@ KALAWAD ROAD,
NEAR CRYSTAL MALL
Contact Us. 73000 60030 • 92746 11111


RAVI ENGLISH INSTITUTE ®
SINCE 2003
Ravi ENGLISH INSTITUTE
Where Growth is A Way of Life
A/C Class
ધો.૪ થી ૧૨ તેમજ ટેટ, ટાટ અને
સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે તેમજ ઈઝરાયલ
જેવા દેશોમાં કેર ટેકર તરીકે જવા
ઈચ્છુક વ્યકિતઓ માટે અંગ્રેજી ભાષાનું સચોટ શિક્ષણ.
SPOKEN ENGLISH
૧૦૦% રીઝલ્ટ
ઓરીએન્ટેડ ગેરેન્ટી
અંગ્રેજી આટલું સરળ?
એક વખત અચૂક મુલાકાત લો...
Rasik Mehta
+919879329391
Learn English
Language With
Money Back
Guarantee..
FREE
TRIAL
3 DAYS
અમારી વિશિષ્ટતાઓ
બધા લેવલ એક જ ફી માં કરાવતી એકમાત્ર સંસ્થા.
ધોરણ ૫ થી ૧૨ નું અંગ્રેજી વિષયનું શિક્ષણ પણ મેળવો.
દરેક બેચમાં મર્યાદિત સંખ્યા અને વ્યકિતગત માર્ગદર્શન.
ડેઈલી-વિકલી-મંથલી રીવીઝન સીસ્ટમ.
પ્રોજેક્ટર + કોમ્પ્યુટર દ્વારા આધુનિક શિક્ષણ.
૧૦,૦૦૦ જેટલા વાક્યો તેમજ૧૦,૦૦૦ જેટલા
શબ્દોનું જ્ઞાન પિરસતી એકમાત્ર સંસ્થા.
નવી બેચિઝ
ટૂંક સમયમાં શરૂ.
SCAN TO
ENJOY VIDEO
FOLLOW US:
Ravi English Institute
You Tube
art house
હેડઓફિસ :
"શ્રી હરી કોમ્પલેક્ષ" પહેલા માળે, યુનિ. રોડ,
ધોળકીયા સ્કુલ સામે, શેરી નં.૭ નો ખુણો,
બોમ્બે હાઉસીંગ સોસાયટી મેઈન રોડ,
રાજકોટ. MO. 98793 29391
બ્રાન્ચ ઓફિસ :
૧૫૦ ફુટ રીંગ રોડ, બાલાજી હોલ પાછળ,
ધોળકીયા સ્કુલ પાસે સાગર ચોક,
શિવમ કોમ્પલેક્ષ, પહેલા માળે, રાજકોટ.
MO. 98245 81306



॥ જય માતાજી ॥
॥ જય માં આશાપુરા ॥
RAR Foundation
સ્વ. મહિપતસિંહજી ભાવુભાબાપુ જાડેજા-રીબડા
માજી ધારાસભ્યશ્રી - ગોંડલ
ની દ્વિતીય પુણ્યતીથીના સ્મરણાર્થે
થેલેસેમિયા તથા ગંભીર બીમાર દર્દીઓ માટે
મહા
દ્વિતીય
રક્તદાન કેમ્પ
1 ફેબ્રુઆરી 2025, શનિવાર
સમય
સવારે ૬:૦૦ થી બપોરે ૨:૦૦ કલાક સુધી
સ્થળ
શ્રી મહિરાજ બજરંગબલી મંદિરની પાછળ નેશનલ હાઈવે, રીબડા.
રાજદિપસિંહ અનિરુદ્ધસિંહ જાડેજા રીબડા
સંસ્થાપક : RAR ફાઉન્ડેશન ભારત

નો ફેવર, નો ફિઅર...
# સામના મિરર
Daily Morning Newspaper



ડિજિટલ ભારતની સાથે
તમે પણ બનો ડિજિટલ...



તમારા ધંધા-વેપારની
જાહેરાત 'સામના મિરર'માં
આપી આપના



વ્યવસાયને પહોંચાડો
લાખો વાંચકો સુધી...



મોબાઇલમાં નિયમિત સમાચારો મેળવવા
વોટ્સએપ પર
Hi લખીને મોકલો



98983 17826
અને જોડાઇ જાવ અમારી સાથે...

SAPPHIRE GOLD

Project By
JMJ PROJECTS
*Dream.Create.Inspire...*
RAJKOT | MUMBAI | AHMEDABAD
jmjprojects.in

# સેફાયર છે ને.. !!
# શું કામ ન મળે સપનાનું ઘર...

| 2 BHK Flats | 3 BHK Flats |
| --- | --- |
| 618 Carpet | 824 Carpet |

**એકવાર સેમ્પલ ફ્લેટ તો જુઓ, બીજું કંઇ નહીં ગમે...**

@ Raiya Road, Opp. Tulsi Super Market, Rajkot

Contact : **94038 90004**

RERA Reg. No.: PR/GJ/RAJKOT/RAJKOT/Others/MAA 12629/111123
Web : gujrera.gujarat.gov.in

# PROPERTY ZONE

(૧) મનહર પ્લોટ શેરી નંબર સાતમાં પાંચ ફ્લેટ એકીસાથે વેચવાના છે સામે ખેતીલાયક જમીન ચાલશે ૮૦.હજાર ભાડાની આવક સાથે સામે ખેતીની જમીન ચાલશે

(૨) રૈયા રોડ પર ૩૫૮ વાર જગ્યા વેચવાની છે દરેક ધંધાને અનુરૂપ રોડ ટચ

(૫) પંચવટી સોસાયટી ૩૦૫ વાર પ્લોટ વેચવાનો છે

(૬) પાંચ ફ્લેટ એકીસાથે વેચવાના છે ત્રણ બેડરૂમ હોલ કિચન લોકેશન સુભાષ નગર મેઈન રોડ

(૭) રૈયા રોડ આલા ગ્રીન સિટી પાસે ૨ બીએચકે નો ફ્લેટ વેચવાનો છે ૬૮૦ કાર્પેટ, લકઝરી ફર્નિચર સાથે સાતમો માળ

**રાજકોટના પોર્સ વિસ્તારમાં પ્રોપર્ટી લે-વેચ કરવા માટે અમારો સંપર્ક કરવો**
**મોબાઈલ નં. ૯૯૨૪૧ ૪૭૦૫૯ રમેશભાઈ વાગડીયા**

# તાત્કાલિક કસમાં ચાલુ વ્યવસાય સાથેનો શોરૂમ વેચવાનો છે

**કાલાવડ રોડ પરિમલ સ્કુલ ની સામે જયસીયારામ ટીસ્ટોલની બાજુમાં મોં. 98983 17826**


લાઈફ ટાઈમ*
ડિમેટ એકાઉન્ટ ફ્રી
AM TRADING
ફ્રી એડવાઈઝરી
EQUITY STOCK
IPO/SME IPO
OPTION TRADING
NIFTY BANK NIFTY
COMODITY
CURRANCY
Design by:- With Me Digital : 9537300305
દરરોજ ફ્રી માહિતી મેળવવા માટે આપેલ QR CODE SCAN કરીને જોઈન કરો.
Mayuri Bagadai
63555 17630
AM trading
am_trading71


VS
GRAPHICS
આપના
ન્યુઝ પેપરને
આપીશુ એક
નવી ઉંચાઈ
મહેનત અમારી,
સફળતા તમારી
સચોટ માર્ગદર્શક
અદ્ભુત લે-આઉટ
અવનવી તસવીરો સાથે
M : 94097 57062